# સોરઠ વિશાશ્રીમાળી

SORATH VISASHRIMALI - RNI NO.: 22805/73

Vol. No. : 53 ❖ Issue : 08 ❖ Pages : 40 ❖ Mumbai ❖ August 2025 ❖ Price : Rs.8/-


## આરોગ્ય આર્થિક સહાય યોજના



# આરોગ્ય આર્થિક સહાય યોજના

## આ યોજનામાં નીચે મુજબના દાતાઓ રહેશે :

### ૧. પ્લેટિનમ દાતાઓ

(મુખપત્રમાં દર વર્ષે પરિવારનો રંગીન ફોટો ફૂલ પેજ છાપવામાં આવશે)
૨૦૫૦ સુધી ડોનરના નામે સ્કીમનું નામ આપવામાં આવશે.

**૫૪,૦૦,૦૦૦/-**

### ૨. ડાયમંડ દાતાઓ

(મુખપત્રમાં દર વર્ષે બે મોટા રંગીન ફોટા છાપવામાં આવશે)

**૫,૪૦,૦૦૦/-**

### ૩. ગોલ્ડ દાતાઓ:

(મુખપત્રમાં દર વર્ષે એક પાસપોર્ટ સાઈઝનો રંગીન ફોટો છાપવામાં આવશે)

**૫૪,૦૦૦/-**

### ૪. સિલ્વર દાતાઓ

(મુખપત્રમાં એક વર્ષ પાસપોર્ટ સાઈઝનો રંગીન ફોટો છાપવામાં આવશે).

**૫,૪૦૦/-**

**વધુ માહિતી માટે સંપર્ક કરી શકો છો :**

### પ્રમુખ

શ્રી કિરીટભાઈ પી. મહેતા (૯૮૨૦૨ ૨૯૦૩૬)

### મેડિકલ સહાય કમીટી

શ્રી યોગશભાઈ વી. વોરા - કન્વીનર (૭૯૭૭૭૭૯૭૧૩)

ડૉ. ધર્મેશભાઈ આર. વોરા　શ્રી ધીરેનભાઈ ડી. વસા　શ્રી જયેશભાઈ સી. વસા

ઉપરોક્ત યોજના હેઠળ આપેલું અનુદાન ૮૦-જી હેઠળ બાદ મળશે



Scanned with OKEN Scanner

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ**

**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,**
૪, દેવકરણ મેન્શન, બિલ્ડીંગ નં.૭, બીજે માળે,
૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨.
ફોન : ૦૨૨ - ૨૨૦૬૯૧૭૨
**સમય :** બપોરે ૧ થી સાંજે ૬ (1.00 pm to 6.00 pm)
**E-Mail:**svjainsamajmumbai2@gmail.com
data@svjainsamaj.com www.svjainsamaj.com
**તંત્રી : શ્રી જયેશ શરદચંદ્ર વસા - મો. ૯૩૨૨૨૬૬૭૧૪**

**સમાજની કારોબારી સમિતિ**

શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા.......................... પ્રમુખ
શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા ............. ભૂતપૂર્વ પ્રમુખ
શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા......................... ઉપપ્રમુખ
શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી..............માનદમંત્રી
શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા....................માનદમંત્રી
શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા.......................ખજાનચી
શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા.......................મુખપત્ર તંત્રી
શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી.......................... સભ્ય
શ્રી જયુભાઈ ચુનીલાલ દોશી............................. સભ્ય
શ્રી શૈલેષભાઈ વ્રજલાલ વોરા............................ સભ્ય
શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા............................ સભ્ય
શ્રી અતુલભાઈ ધનજીભાઈ વસા.......................... સભ્ય
શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા............................ સભ્ય
ડૉ. ધર્મેશભાઈ રસિકલાલ વોરા.......................... સભ્ય
શ્રી મેહુલભાઈ વિનોદરાય શેઠ ........................... સભ્ય
શ્રી અરૂણભાઈ મનસુખલાલ વોરા......................... સભ્ય
શ્રી પ્રવીણચંદ્ર ચીમનલાલ વોરા....................... કો-ઓપ્ટ
શ્રી હિતેષભાઈ છોટાલાલ વોરા........................ કો-ઓપ્ટ

**Bank Details**
**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**
**Banker :** Bank of Baroda, M.J. Market, Mumbai - 400003.
**S.B. A/C No.** 03870100000044
**IFSC :** BARB0BULLIO **(fifth digit will be numerical zero),**
**MICR :** 400012047

**NAME : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**
**Banker :** Union Bank of India
Princess Street, Mumbai - 400002
**S.B.A/C.No.** 319102010054364
**IFSC :** UBIN0531910

કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે.
**Auditor :** Punit Golwala & Co.
Chartered Accountant, Mumbai-400 009.

લવાજમ દરો ભારતમાં આજીવન : રૂા.૨૭૦૦/-
પરદેશમાં (ફક્ત વાર્ષિક) : USD 20 (Yearly)

**મુદ્રણ અને પોસ્ટિંગ : લક્કી પ્રિન્ટર્સ**
૪૦, મહેતા ઈન્ડ. એસ્ટેટ, લિબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં. ૩,
મલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૪

# ક્ષમાપના

**સ્વંત્સરીનો રૂડો અવસર આવ્યો આંગણિયે,**
**ભૂતકાળને ભૂલી જઇ સૌ હળીએ ને ભળીએ,**
**પ્રતિક્રમણની પળો થકી થઇ મીઠા મનભાવન,**
**માનવતા મહેકાવી કરીએ સંબંધો પાવન,**
**તીર્થંકરોને સ્મરીને થઇએ હવે તો ચંદનસમ,**
**મિચ્છામિ દુક્કડમ, સહુને મિચ્છામિ દુક્કડમ...**

આદરણીય વડીલો,
ભાઈઓ તથા બહેનો,
પ્રણામ, જય જિનેન્દ્ર,

ભાદરવા સુદ ચોથ ને દિવસે સંવત્સરી પ્રતિક્રમણ કરતી વખતે સર્વે જીવોને ખમાવતા ની સાથે આપ સહુ, વડીલો, ભાઈઓ અને બહેનો ને મન વચન અને કાયાથી આપ સૌને અંતઃકરણપૂર્વક મિચ્છામી દુક્કડમ.

મન, વચન અને કર્મથી જાણે-અજાણે કોઇપણ જીવ પ્રત્યે થયેલ ભૂલની ક્ષમા યાચના અમે કરીયે છે.

ક્ષમા એ વીરોનું આભૂષણ છે. ભગવાન શ્રી મહાવીર સ્વામીનો સત્ય અને અહિંસાનો સંદેશ સમાજ જીવનમાં આત્મસાત થાય અને સામાજિક સમરસતા તથા માનવતાની શક્તિઓ વિશ્વમાં વધુ પ્રગાઢ બને તેવી પ્રાર્થના આ પર્વે અમે સહુ કરીએ છીએ.

।। મિચ્છામિ



**શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા (પ્રમુખ સેવક)**
**શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ-મુંબઈ**
**કારોબારી કમિટી**
**શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ ટ્રસ્ટ**
**કોરોબારી ટ્રસ્ટીઓ**

## તંત્રી સ્થાને થી....



**શ્રી જયેશ શરદચંદ્ર વસા**
**મો. ૯૩૨૨૨ ૬૬૭૧૪**

# આજના યુવા વર્ગ ને એક મહત્વનો સંદેશ

અત્યારનો જે સમય છે તેમાં દરેક યુવા વર્ગનો (સ્ત્રી અને પુરૂષ બન્નેએ) બહુજ સાવચેતીથી અને સમજણ થી જીવન જીવવું પડે તેવી પરિસ્થિતિ નિર્માણ થઇ ગઇ છે. નાની ઉંમરના લોકોને ડાયાબિટીઝ, બ્લડ પ્રેશર અને હાર્ટની સમસ્યા સામાન્ય બનવા લાગી છે. ન સાંભળ્યા હોય તેવા રોગના લક્ષણો અમુક યુવા વર્ગમાં દેખાવા માંડયા છે. આ બધાનું જો કોઇ સામાન્ય કારણ હોય તો મોટાભાગના યુવા વર્ગની લાઇફ સ્ટાઇલ જિમ્મેદાર છે.

અત્યારે મોટેભાગે બિઝનેસ ફિલ્ડમાં પ્રોફેશનલ ઢબે કામ થતા હોય છે. નોકરી કરતા યુવા વર્ગને કંપનીના મેનેજમેન્ટે પ્રોજેક્ટ આપી દીધો હોય છે સાથે પ્રોજક્ટ કયાં સુધીમાં પૂરો કરવાનો છે તેની તારીખ પણ આપી દીધી હોય છે. અને તે તમારે ગમે તે ભોગે પૂરું કરીને જ આપવાનું. આકર્ષક વળતરનું તમારું પેકેજ મંજુર થઇ જાય સામે કોઇપણ ભોગે કામ પુરૂં કરીને દેવાનું. આ પ્રમાણે ની કાર્યશૈલી પદ્ધતિથી મોટા ભાગના યુવા વર્ગની ફેમેલી લાઇફ, સોશિયલ લાઇફ અસ્તવ્યસ્ત થઇ ગઇ છે. ફાસ્ટફૂડ જેવી ખાધા ખોરાકી, અને સમયનો અભાવ અને અતિશય વધારે પડતા કામનું પ્રેશર માનવીને રોગગ્રસ્ત કરી નાખે છે. ઘણી વખત પ્રોજેક્ટ એવા હોય છે કે મહિનાના અમુક દિવસો બહારગામ રહેવું પડતું હોય છે. આજના સમયમાં સ્રીઓ પણ કોર્પોરેટ સેકટરમાં ખુબ આગળ વધી ગઇ છે. તાજેતરમાંજ ભારત-પાકિસ્તાન ઓપરેશન સિંદૂર માં લેડી પાટલોટ કૉલોનેલ સોફિયા કુરેશી તેમજ લેડી વિંગ કમાન્ડર વ્યોમિકા સિંઘની કામગીરીની નોંધ ભારતમાં તેમજ સમગ્ર વિશ્વમાં લેવાણી હતી. તેના પરથી આજની નારી કયાં સુધી પહોંચી ગઇ છે તેના ખ્યાલ આપણને બધાને ખબર જ છે.

અત્યારે સંતાનાના ઘડતર માટે માતા અને પિતા બન્નેએ સમય આપવો જરૂરી છે. કેમકે અત્યારે દરેક માં-બાપ પોતાના સંતાનો દરેક પ્રવૃતિમાં આગળ વધે તેવું ઇચ્છે છે અને તેના માટે માતા સાથે પિતાએ પણ જિમ્મેદારી લેવી જરૂરી છે. તેઓએ તેમના પરિવારને સુખેથી ચલાવવા માટે સુધારો લાવવો પડશે અને તેમાં અત્યારની માતાઓએ પણ પુરૂષ ને સાથ આપવો પડશે. સ્રી અને પુરુષ બન્નેએ સંસારને બરાબર ચલાવવા તેમજ પરિવારને અકબંધ રાખવા માટે તેમના એકાદ મનગમતા શોખનો ભોગ પણ આપવો પડશે.

ટૂંકમાં અત્યારનો યુવાવર્ગ (સ્રીઓ અને પુરૂષો બન્ને) હરણફાળ પ્રગતિ કરી રહ્યા છે અને તેઓ દરેક જરૂરિયાતો પુરી કરી રહ્યા છે. અત્યારે સમાજના યુવા વર્ગને (સ્રી અને પુરૂષ બન્નેએ) ખરેખર કામના વ્યસ્ત જીવન વચ્ચે પણ પરિવારને સમય આપવો બહુ જરૂરી છે જેથી તમારી અંગત સમસ્યાઓની આપ-લે આપ પરિવાર સાથે બેસીને કરી શકો જેથી કરીને તમે અંગત જિંદગીમાં પણ ખુશ રહી શકશો. જે પરિવાર મનથી સુખી હશે તેમની માટા ભાગની સમસ્યા નો ઉકેલ પરિવારના તાલમેલથી સુધરી જશે. જે પણ વ્યક્તિ અને પરિવાર મન થી ખુશ હશે તેઓ દ્વારા જીવનમાં લેવાતા નિર્ણયો થી તેમના જીવનમાં શાંતિ નું પ્રમાણ વધારે હશે અને ભવિષ્યમાં તમારા આવનારા સંતોનો ના ભવિષ્ય પણ સુરક્ષિત થઇ જાશે.



Scanned with OKEN Scanner

જીવન-ધર્મ શ્રેણી

# કોઇનું દુ:ખ જોઇને દિલ દ્રવી ઊઠે અને આંખો ભીની થાય એનું નામ કરુણા

- મહેન્દ્ર પુનાતર

**પ્રેમ, દયા અને કરુણા એકબીજા સાથે સંકળાયેલા છે. પ્રેમ એટલે સંવેદના, પોતાના થકી બીજાને દુ:ખ ન પહોંચે એવો ભાવ. પ્રેમ જયારે વિસ્તૃત બને છે ત્યારે બીજાનું દુ:ખ આપણું લાગે છે. પ્રેમ અને દયાની પરાકાષ્ટા એટલે કરુણા. કોઇનું દુ:ખ અને પીડા જોઇને દિલ દ્રવી ઉઠે અને તમે તેનું દુ:ખ દૂર કરવા માટે કશુ કર્યા વગર રહી ન શકો તેનું નામ કરુણા-અનુકંપા. કરુણા એટલે માત્ર શબ્દો નહીં પણ ભાવ સાથે કાર્ય.**

પ્રેમ, દયા અને કરુણા પર દુનિયાના તમામ ધર્મોએ ભાર મૂકયો છે. જૈન ધર્મે તો આ સિદ્ધાંતોને અહિંસા સાથે સાંકળી લઇને તેને આગવી વિશિષ્ટતા બક્ષી છે અને તેને ધર્મનો આધાર બનાવ્યો છે. કોઇ પણ માણસમાં પ્રેમ, દયા અને કરુણાની ભાવના હોય તે હિંસક બની શકે નહીં. માણસ કોઇ પણ જાતના સ્વાર્થ વગર, કોઇપણ જાતના દેખીતા લાભ વગર જયારે દયા, કરુણા અને પરમાર્થનું કામ કરે છે ત્યારે તે ભગવાનના ઘરનો માણસ લાગે છે. દયા અને કરુણાના ભાવ સાથે આપણે સામે ચાલીને કોઇને સહાય કરીએ, મદદરૂપ થઇએ અને તેના દુ:ખને દૂર કરીએ તે એક મોટો ધર્મ છે. દાન અને સાહય એવી હોવી જોઇએ કે સામા માણસને હાથ લંબાવવો ન પડે.

પ્રેમ, દયા અને કરુણા એકબીજા સાથે સંકળાયેલા છે. પ્રેમ એટલે સંવેદના, પોતાના થકી બીજાને દુ:ખ ન પહોંચે એવો ભાવ, કશું મેળવવાની નહીં બસ આપવાની જ ભાવના. પ્રેમ જયારે વિસ્તૃત બને છે ત્યારે બીજાનું દુ:ખ આપણું લાગે છે. કોઇનું દુ:ખ જોઇને દયા આવે છે. મનમાં વિષાદ ઊભો થાય છે. પ્રેમ અને દયાની પરાકાષ્ઠા એટલે કરુણા. કોઇનું દુ:ખ અને પીડા જોઇને દિલ દ્રવી ઉઠે અને તમે તેનું દુ:ખ દૂર કરવા માટે કશું કર્યા વગર રહી શકો નહીં. તેનું નામ કરુણા-અનુકંપા. દિલમાં પ્રેમ અને સંવેદના હોય, કોઇનું દુ:ખ જોઇને દયા આવે થોડો ચિત્કાર કરીને ચાલ્યા જઇએ તો કશું વળે નહીં. સાથે દિલમાં કરુણા હોવી જોઇએ અને કરુણા હશે તો તત્કાળ પીડિત જનના દુ:ખને દૂર કરવામાં લાગી જશો. કરુણા એ શબ્દો નથી, માત્ર ભાવ નથી પણ સાથે કાર્ય છે. કરુણાનો ભાવ તત્ક્ષણ તમને કાર્ય કરવા પ્રેરે. આ પ્રગાઢ ભાવ છે. તે કર્યા વગર તમે રહી શકો નહીં.

દયા, કરુણા, પ્રેમ, સ્નેહ અને સંવેદના જીવનના સ્રોતો છે. ગમે તેવો ખરાબ માણસ હોય પણ કાંઇક ને કાંઇક તો સારુ કરતો હોય છે. અને સારો માણસ પણ ભૂલ કરી બેસે છે. કયાંક ખરાબ અને ખોટુ થઇ જાય છે. પરંતુ તેના સારા કાર્યોમાં આ ક્ષતિ ઢંકાઇ જાય છે. કોઇપણ માણસ સંપૂર્ણ નથી. સારા-નરસાનું મિશ્રણ છે. ખરાબ અને ખોટું કામ થાય ત્યારે દિલ ડંખે છે અને અફસોસ પણ થતો હોય છે. અને સારું કામ થાય ત્યારે મનમાં આનંદ પણ થાય છે. પ્રેમ, દયા અને કરુણા હશે તો કોઇને દુ:ખ આપી શકશો નહીં. પણ તેને સહાય કરવાનું મન થશે. કરુણા એટલે કોઇનું દુ:ખ જોઇને તમને અપાર વેદના થાય. તમે તેને મદદ કર્યા વગર ચેનથી રહી શકો નહીં. જયાં સુધી સામા માણસને શાતા વળે નહીં ત્યાં સુધી તમને જંપ વળે નહીં. કરુણા એટલે કોઇ પણ જીવનું દુ:ખ અને દર્દ જોઇને ઓગળી જવું. આ અંગે ઓશોની એક નાની દૃષ્ટાંત કથા



Scanned with OKEN Scanner

પ્રેરક છે.

એક ચોર રોજ કોઇના ને કોઇકના ઘરમાં ઘૂસીને હાથ અજમાવે અને જે મળે તે લઇને છટકી જાય. એક દિવસ કડકડતી ઠંડીમાં તે ચોરી કરવા નીકળ્યો. ગાત્રો ગળી જાય એવી કાતિલ ઠંડી હતી, પરંતુ ધંધો કર્યા વગર છૂટકો નહોતો.

ફરતો ફરતો ચોર એક ઘરમાં ઘુસ્યો પરંતુ ઘરધણી નિર્ધન હતો. ચોરને પણ આવી ખબર હોત તો આ ઘરમાં પગ મૂકવાનું તે સાહસ ન કરત. ઘરના ચારે ખૂણા ખાલી હતાં. ચારે બાજુ ફાંફા માર્યા પણ કશું મળ્યું નહીં. કુટુંબ પાસે આવી ગાત્રો ગળી જાય એવી ઠંડીમાં પૂરતા વસ્ત્રો અને ઓઢવા માટે પૂરતા સાધનો નહોતા. ઠંડીમાં પતિ-પત્ની અને બાળક ટૂંટિયું વાળીને સૂતા હતા. ઠંડીના કારણે બાળક રડી રહ્યું હતું. તેને ઓઢાડવા માટે ગરીબ દંપતી પાસે કશું હતું નહીં.

પત્નીએ કહ્યું: ઠંડીમાં બાલક ઠુંઠવાઇ જશે. ઘરમાંથી કાંઇક કંતાન જેવું શોધી કાઢો.

પતિએ કહ્યું : આખું ઘર ફેંદી વળ્યો છું પણ ઘરમાં કાંઇ એવું નથી જે કામ લાગે. પતિએ પોતાનું ફાટેલું પહેરણ કાઢીને બાળકને ઓઢાડી દીધું પણ એ પૂરતું નહોતું. નાનું બાળક જોરશોરથી ચીસો પાડી રહ્યું હતું. ખૂણામાં ઊભેલો ચોર આ બધુ જોઇ રહ્યો હતો. તેનું દિલ દ્રવી ઊઠ્યું. તેણે પોતાનો ગરમ ધાબળો બાળક પર ઓઢાડી દીધો અને ચૂપચાપ ઘરની બહાર નીકળી ગયો.

બાળક ચૂપ થઇ ગયું ત્યારે માતાએ અંધારામાં બાળક પર પોતાનો હાથ ફેરવ્યો ત્યારે ખબર પડી કે બાળકના શરીર પર ગરમ ધાબળો છે. તેણે પતિને હળવેકથી કહ્યું: બાળકને બચાવવા માટે કોઇ દેવદૂત આવી ગયો છે.

ગમે તેવો ખરાબ માણસ કાંઇક સારું કરે છે ત્યારે દેવદૂત જેવો લાગે છે. જેનાથી દિલ દ્રવી ભઠે અને પ્રેમ-દયાના ઝરણા ફૂટી નીકળે, તેનું નામ કરુણા.

ધર્મ કહે છે રોગી, દુઃખી, દર્દી, પીડિત, ગરીબ કંગાળ તેમ જ ધન હાનિ અને માનહાનિનો ભોગ બનેલા અને ધર્મથી વિમુખ થયેલા અને આડે પાટે ચડેલા લોકો પ્રત્યે પણ દયા અને કરુણાનો ભાવ રાખવો. પ્રેમ ભાવ રાખીને તેમની પીડાને દૂર કરવાના પ્રયાસો કરવા એનું નામ કરુણા અને અનુકંપા. બીજાનું કોઇપણ જાતનું દુઃખ જોઇને દિલ દ્રવી ઉઠે અને તેને સહાય કરવાનો, મદદરૂપ થવાનો ભાવ ઊભો થાય તેનું નામ કરુણા.

આપણને એમ થાય કે આ માણસ તેના કર્મોના કારણે દુઃખ-પીડા અનુભવી રહ્યો છે. તેણે સારું કર્યું નથી. તેથી તેને ભોગવવાનું છે. એમાં આપણે શું કરી શકીએ ? આવો વિચાર કરીને હાથ ઊંચા કરીને ઊભા રહી જઇએ તે મહાવીરનો ધર્મ નથી. તે માણસ કેવો છે તે આપણે જોવાનું નથી પણ આપણું કર્તવ્ય શું છે તેનો ખ્યાલ કરવાનો છે. તે દુઃખી છે. પીડિત છે આપણે તેને ઉગારવાનો છે. આપણી કરુણાની છાલક તેનું હૃદય પરિવર્તન કરાવી શકે છે. આપણામાં દયા અને કરુણા હશે તો આપણે તેની ઉણપને આગળ કરીને તર્ક અને દલીલમાં પડીશું નહીં પણ પ્રથમ તેને સહાયરૂપ થઇશું. જેમના દિલમાં દયા અને અનુકંપાનો ભાવ નહીં હોય તેઓ આમાંથી છટકવાના બહાના શોધી કાઢશે. આમાં કોઇને બતાવવાનું નથી કે બડાઇ મારવાની નથી. તમારું મન શું કહે છે તેનો ખ્યાલ કરવાનો છે. મોટે ભાગે આપણાથી કાંઇ થઇ શકતું નથી ત્યારે આવી દલીલો કરીને મનને મનાવવાનો પ્રયાસ કરી છીએ. ધર્મ સત્ય પર ઊભો છે. તર્ક પર નહીં. કાંઇ ન કરવું હોય તો હજાર બહાનાઓ મળી રહે છે.

મહાવીર કહે છે આપણા જેવો જ બીજાનો આત્મા છે આપણને જે ગમે તે બીજાને ગમે છે. આપણને જે ગમતું નથી તે બીજાને પણ ગમતું નથી. દરેકને જીવ વહાલો છે. દરેક સુખ ઇચ્છે છે. દુઃખ કોઇને ગમતું નથી એટલે બીજા પ્રત્યે દયાભાવ અને કરુણા હોવી જોઇએ અને આ કરુણાનો ભાવ વિસ્તરવો જોઇએ. આપણી દયા અને કરુણા સીમિત થઇ ગઇ છે. આપણે આપણા સાંકડા વર્તુળમાંથી ઉપર ઊઠી શકતા નથી. ભગવાન મહાવીરે તો પ્રાણી માત્ર પ્રત્યે પ્રેમ, દયા અને કરુણાનો ભાવ રાખવાનું કહ્યું છે. આપણે પ્રભુના વચનોને જીવનમાં ઉતારવાના છે.

શ્રી ચિત્રભાનુજીએ પોતાની પ્રખ્યાત રચના 'મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું' માં એક કડી કરુણા અંગે પણ કહી છે. 'દીન-ક્રૂર, ધર્મ વિહોણા દેખી દિલમાં દર્દ રહે, કરુણાભીની આંખોમાંથી અશ્રુનો સ્રોત વહે.' ગમે તેવો ક્રુર માણસ હોય ધર્મને અનુસરતો ન હોય, ખોટા કામ કરતો હોય તેના પ્રત્યે પણ કરુણાનો ભાવ રાખવો જોઇએ. તેના જાન સામે જોખમ હોય તો તેને પણ બચાવવો જાઇએ. શક્ય છે કે આ કરુણાનો ભાવ તેને સન્માર્ગે વાળી શકે અને વાલિયામાંથી વાલ્મીકિ બનાવી શકે.

પ્રેમ અને કરુણાના અનેક પ્રસંગો પ્રભુ મહાવીરના જીવનમાં બન્યા હતા. અબુધ ગોવાળિયાએ તેમના કાનમાં ખીલા ઠોક્યા ત્યારે કેવી વેદના થઇ હશે તે આપણે સૌ સમજી શકીએ છીએ. આપણને જરાક અમસ્તી બીજાની ઠોકર વાગી ગઇ હોય તો આપણે રજનું ગજ કરીએ છીએ. કોઇ આપણને સહેજ ટપલી મારી હોય કે અપમાન કર્યું હોય તો વર્ષોના વર્ષો સુધી ભૂલતા નથી. પણ ભગવાને આટલું દર્દ અને તીવ્ર વેદના છતાં સમતા ધારણ કરી હતી અને તેના પ્રત્યે દયા અને કરુણા વરસાવી હતી અને વિચાર્યુ હતું કે આ માણસ અબૂધ છે એટલે તેણે આમ કર્યું છે. આમાં તેનો કોઇ વાંક નથી. પ્રેમ, દયા અને કરુણાનો પ્રબળ ભાવ હોય તો જ આવી ક્ષમા પ્રગટ થઇ શકે.

પ્રભુના જીવનનો બીજો પણ આવો પ્રસંગ છે. તેઓ જંગલમાં વિચરતા હતા ત્યારે ભયંકર વિષધારી ચંડકોશી સાપે તેમને ડંશ દીધો હતો પણ તેઓ જરા પણ ચલિત થયા વગર સ્થિર ઊભા રહી

ગયા હતા એ કરુણા વરસાવી હતી. આ વાત્સલ્ય અને કરુણાના કારણે ચંડકોશિયાના ડંશ દેવાની સાથે ભગવાનના પગમાંથી લોહીના બદલે દૂધની ધારા વહેવા લાગી હતી. મહાવીર ભગવાનનું હૃદય તો અસીમ કરુણાથી ભર્યું હતું. તેમણે ચંડાકોશિયાને પ્રેમથી સંબોધતા કહ્યું 'ઉવસમ ભો ચંડકોશિયો'. આ શાંત અને કરુણાભીની વાણીએ વિષધારીને શાંત કરી દીધો. જૈન સ્તવનમાં ગવાય છે 'દૂધ વહ્યું જયાં પ્રભુના ચરણે ત્યાં ચંડકોશિયો આવ્યો શરણે.' પ્રેમ અને કરુણાનો આવો પ્રભાવ છે.

પ્રભુની કરુણા આપણા પર સદૈવ વરસતી રહે છે. આપણા સુખ-દુઃખમાં તે હંમેશા સાથે હોય છે. સુખ અને દુઃખમાં આપણે એટલા ગરકાવ થઇ જઇએ છી કે પ્રભુ આપણી સાથે હોવા છતાં તેમના દર્શન થતા નથી.

સુખને જીરવવા માટે અને દુઃખને સહન કરવા માટે સમતા ધારણ કરવી જરૂરી છે. સ્વાર્થ, લોભ અને લાલચના કારણે માણસમાં પ્રેમ, દયા અને કરુણાના ઝરણાઓ સૂકાઇ ગયા છે.

પ્રભુએ આપણી પર જેવી કૃપા અને અમીદૃષ્ટિ રાખી છે એવી આપણે સર્વ જીવો પ્રત્યે રાખીએ અને રટણ કરીએ...

**'હે કરુણાના કરનારા તારી**
**કરુણાનો કોઇ પાર નથી.**
**હે સંકટના હરનારા તારી**
**કરુણાનો કોઇ પાર નથી.'**

**- (હવે પછી મધ્યસ્થ ભાવના)**

## હાર્દિક અભિનંદન



**ચિ. નિયતિ પરેશ મહેતા,**
**એસ.એસ.સી.**
**૮૪.૪૦ %**



**ચિ. વંશ મનીષ શાહ,**
**૧૨મું ધોરણ**
**૮૧ %**

**- પાના નં-૧૧ પરથી**

અપમાનિત કરવાનો અધિકાર ભગવાને કોઇને નથી આપ્યો. એક વાત યાદ રાખજો, ભગવાન જેનો હાથ પકડે છે, તેને ઉભા થતા વાર નથી લાગતી.

અને જેને તે લાત મારે છે, તેને દુનિયાની કોઇ તાકાત ઉભું નથી કરી શકતું. મેં કીધું બેટા પિકચર જોવું છે?? એ બોલ્યો હા અંકલ પણ સાંજ સુધીમાં મારે ૨૦૦ રૂપિયા ઘરે આપવા પડે નહિતર સાંજે જમવાનું નહીં આપે અને માર પડશે એટલે પિકચર મારે નથી જોવું. મેં કીધું, બેટા ઘરે કોઇ મારે છે.? મ્મી-પપ્પા? ના અંકલ કહી રડતા રડતા એ વિચારમાં ખોવાઇ ગયો. મેં કીધું તું ચિંતા ન કર હું તારી સાથે છું. અમે ત્યાંથી નીકળી સીધા જ પોલીસ સ્ટેશને ગયા. મેં ત્યાંના પોલીસ ઇન્સપેકટરને બધી વાત કરી અને થોડી મદદ કરવા વિનંતી કરી.

ભગવાન જયારે હાથ પકડે ત્યારે રસ્તા સાફ અને સરળ બનતા જાય, તમારા સંપર્કમાં આવતી વ્યક્તિઓ પણ સરળ અને માયાળુ બનતી જાય છે. બાળકનો અંગુઠો જેવો પોલીસ ઇન્સપેકટરે કોમ્પ્યુટર પાસે પડેલ મશીન ઉપર મુક્યો એ સાથે બાળકના આધાર કાર્ડ નંબર સાથેની માહિતી ખુલી ગઇ.

હું આનંદમાં આવી ગયો. એ મહિતીના આધારે અમે તેના મા-બાપ સુધી પહોંચી ગયા. એક બાળકને તેના માં બાપ મળ્યા અને માં બાપને ખોવાયેલ સંતાન મળ્યું. દરેકના ચહેરા ઉપર આનંદ અલગ અલગ પ્રકારનો હતો તેમના માં બાપ બે હાથ જોડી મને અને પોલીસ ઇન્સપેક્ટરને પગે લાગી ખૂબ આભાર માન્યો. શ્યામ પણ દોડી મને ભેટી પડયો અને બોલ્યો 'અંકલ! હવે તમે કયારે ઘરે પાછા આવશો?' મેં કીધું કે 'જયારે શ્યામ બોલાવે ત્યારે...'

એ બોલ્યો પિકચર તો બતાવવાનું બાકી રહી ગયું અંકલ? 'બેટા તારી કહાની એક પિકચર જેવી જ છે.' મેં કીધું. રસ્તામાં મેં, પોલીસ ઇન્સપેકટર ને કીધુ 'સાહેબ! મંદિરે મુકવા આવ્યો હતો મારી ઇન્ક્રિમેન્ટની રકમ, પણ પ્રભુ એ રૂપિયા કોઇ સારા કામ માટે વાપરવા તરફ ઇશારો કર્યો. આ પુણ્યના કામના આપ પણ ભાગીદાર છો.'

આજે સવારે છાપામાં જયારે મેં વાચ્યું. લોકડાઉન ને કારણે એજ સ્વીટની દુકાન જયાં માસુમ બાળકના પેટ ઉપર લાત મારવામાં આવી હતી, એ દુકાનમાંથી લાંબા ગાળાના લોકડાઉનને કારણે વાસ આવતા મ્યુનિસિપલ કોર્પોરેશને લાખો રૂપિયાની સ્વીટ ટ્રેકટરમાં ભરી નિકાલ કર્યો અને એ દુકાનને સીલ કરી. મેં ભગવાન સામે જોઇને કહ્યું તારા દરબાર માં દેર હશે પણ અંધેર તો નથી જ. સજા કરવાની તારી અદા પણ અનોખી છે. પ્રભુ લાકડી પણ તારી, સમય અને સ્થળ પણ તારૂ... વાહ...

છતાં પણ લાકડી નો આવાજ નહીં.



Scanned with OKEN Scanner

# ભાવભરી શ્રદ્ધાંજલી

**આત્મા અવિચલ અને શાશ્વત છે.**
**ના એને શસ્ત્ર છેદી શકે છે, ના અગ્નિ બાળી શકે છે.**
**ના જળ ભીંજવી શકે છે કે ના પવન સુકવી શકે છે.**
**આત્મા અમર છે.**



જન્મ
તા. ૦૮-૦૨-૧૯૩૦

સ્વર્ગવાસ
તા. ૨૦-૦૮-૨૦૦૨

# સ્વ.નવિનચંદ્ર ગોકળદાસ સંઘવી

આપની દીર્ઘદ્રષ્ટિ હજી પણ અમારું માર્ગદર્શન કરી રહી છે.
આપના લાગણીભર્યા શબ્દો અમને પ્રોત્સાહિત કરી રહ્યા છે.
આપના શુભ કાર્યો અમારા પ્રેરણાસ્રોત બની રહ્યા છે.
આપની સિદ્ધિઓ અમારી પ્રવૃત્તિઓની શક્તિ સ્રોત બની રહી છે.
આપની હાજરી હરહંમેશ અમારી સાથે ને સાથે જ છે.

**-: આપની સ્હનેસભર સ્મૃતિમાં :-**

મનોજ - પ્રતિભા
વિધી - દીપભાઈ શાહ
હાર્દિક,

ચેતના - દિનેશભાઈ મહેતા
તેજલ - આશિષભાઈ દોશી
અક્ષય,

કિરણ - ભાવના
સલોની - વિશાનભાઈ દડીયા
મૌલિક - ઇશિતા

વીર, આરવ, રિયાના, યુવીર, અલાયા

Kayami - August

# ભાવભરી શ્રદ્ધાંજલી



જન્મ
તા. ૦૪-૧૦-૧૯૩૨

સ્વર્ગવાસ
તા. ૦૮-૦૮-૨૦૨૨

## સ્વ.નંદાબેન નવિનચંદ્ર ગોકળદાસ સંઘવી

સુખ ને છલકાવ્યું નહીં, દુઃખને દેખાડ્યું નહીં
જીવન તમે એવું જીવ્યા, ભુલ્યુ ભુલાય નહીં
ધુપસળી જેવુ જીવન જીવી ગયા,
સુગંધ જેની ચૌ તરફ મુકતા ગયા,
પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્મા ને શાંતિ
આપે એવી અમારી અંતકરણ પૂર્વકની પ્રાર્થના



**-: આપની સ્હનેસભર સ્મૃતિમાં :-**

મનોજ - પ્રતિભા
વિધી - દીપભાઈ શાહ
હાર્દિક,

ચેતના - દિનેશભાઈ મહેતા
તેજલ - આશિષભાઈ દોશી
અક્ષય,

કિરણ - ભાવના
સલોની - વિશાનભાઈ દડીયા
મૌલિક - ઇશિતા

વીર, આરવ, રિયાના, યુવીર, અલાયા

Cont-01-2025

## ભાવભીની શ્રદ્ધાંજલિ

જન્મ:
૦૯-૦૮-૧૯૨૭



દેહવિલય :
૨૧-૦૮-૨૦૧૭

# સ્વ. શ્રીમતી મંજુલાબેન પ્રભુદાસ સંઘવી

આપનું ધુપસળી જેવું સમગ્ર જીવન સ્વયંને ઓગાળી અમારું જીવન સુવાસથી ભરી દીધું.
આપની પ્રેરણા અમને સતત મળતી રહે એ જ પ્રભુ પાસ પ્રાર્થના કરતું આપનું કુટુંબ તથા સગાંસંબંધી

**પુત્રો**

કિશોરભાઈ, રમેશભાઈ, ગિરીશભાઈ, નિલેશભાઈ અને ચેતનભાઈ

**પુત્રવધૂઓ**

ભારતીબેન, સોનલબેન, મયુરીબેન, રેખાબેન અને વૈશાલીબેન

**પુત્રીઓ**

સ્વ.ભાનુબેન મહેન્દ્રભાઈ વોરા,
પ્રતીભાબેન પ્રવીણકુમાર વોરા,
કોકીલાબેન જગદીશકુમાર શાહ,
મીનાબેન હિતેષકુમાર વોરા

**પૌત્ર**

નીલ, કપિલ, કેજલ, આકાશ, બાદલ, સાગર, ઈશાન

**પૌત્રી**

આશના, સલોની, આશ્કા

**દોહિત્ર**

પુરબ

**દોહિત્રી**

મમતા, રિતુ, ડોલી, જુલી, મીલી, અક્ષા

તેમજ સમસ્ત પ્રભુદાસ લીલાધર સંઘવી પરિવાર

Kayami - Aug.



Scanned with OKEN Scanner

## સંવેદનાના સ્પંદનો

# રાજપ્રભુનું ચાલે છે

એક બાજુ ફરસાણ અને મીઠાઈની મોટી દુકાન બીજી બાજુ નજીકના મંદિરમાં ભક્તોની ભીડ હતી. કાર પાર્ક કરી, હું મંદિર તરફ આગળ વધતો હતો ત્યાં મીઠીઇની દુકાન બહાર ઉભા રહી એક ભિખારી જેવું લાગતું બાળક બહારના દરવાજાના કાચમાંથી મીઠાઇ જોઇ રહ્યું હતું. મોઢા ઉપરથી કોઇક સારા ઘરનું બાળક લાગતું હતું. ઘડીકમાં ગરમાગરમ ઉતરતા ફરસાણ તરફ મો તો ઘડીક માં મીઠાઇ તરફ તેનું ધ્યાન કેન્દ્રિત થતું હતું. મારા મંદિર તરફ જતા પગલાં ધીરાં પડયા અને એ બાળકની આંખો અને મોઢાના ભાવ હું શાંતિથી જોવા લાગ્યો.



ત્યાં દુકાનની અંદરથી શેઠ ભાગવાનાની અગરબત્તી કરતા કરતા બહાર આવ્યા. અને ન બોલવાના શબ્દો બોલી પગેથી ધક્કો મારી બાળકને પછાડી દીધો. અને બોલ્યા સવાર સવારમાં કયાંથી હેંડ્યા આવે છે. ખબર નથી પડતી. બાળક માટે આ નવું ન હતું. કારણો કે, ગરીબી એટલે લોકાની ગાળો ખાવાની અને લોકોની લાતો ખાવાની એ તેના માટે રોજનું હતું. એ બાળક તો ઉભો થઇ મંદિર તરફ જાણે કંઇ બન્યું ન હોય તેમ આગળ વધ્યો. પણ મારા પગ એ દુકાન પાસે અટકી ગયા. આખી દુકાન વિવિધ મીઠાઇઓ ને માવાથી ભરેલ હતી. પણ આ શેઠનું માનવતા રૂપી દિલ ખાલી હતું. હું સ્વસ્થ થઇ આગળ વધ્યો. એ બાળક મંદિર પાસેઉભો રહી બહારથી ભગવાનના દર્શન કરતો હતો. મને અંદરથી ખાતરી થતી ગઇ ચોક્કસ આ બાળક કોઇ સારા પરિવાર નું લાગે છે.

આજે રજાના દિવસે ખાસ મંદિરે આવવાનું મારૂ કારણ અમારી કંપનીમાં બે વર્ષથી ઇન્ક્રિમેન્ટ થયું ન હતું. અચાનક ઇન્ક્રિમેન્ટ થવાની ખુશીમાં એ ઇન્ક્રિમેન્ટની રકમ હું ભગવાનના મંદિર એ મુકવા આવ્યો હતો. મેં એ રકમ પોકેટમાંથી હાથમાં લીધી અને ભગવાનને મનોમન કીધું. 'પ્રભુ આ રકમની તારા કરતા બહાર બેઠેલ બાળક ને મારી દ્રષ્ટિએ વધારે જરૂર છે. મને ખબર છે. તને વાંધો નહિં હોય.' આટલું બોલી ભગવાનને કીધુ ભગવાન તું આ ગરીબ અને લાચાર બાળકના પેટ ઉપર લાત મારનાર દુકાનદારને સજા કરીશ કે નહીં. ? ? ? મને ખબર હતી જ કે આ મુરલીધર બોલે છે ઓછું, પણ જુએ છે વધારે તેની કામ કરવાની પદ્ધતિ બધા દેવો કરતા અલગ પ્રકારની છે. તે યોગ્ય સમયે જ ઘા કરે છે. હું બહાર નીકળ્યો.

આજે નિર્ણય કર્યો હતો. આ બાળક પાછળ જેટલો સમય નીકળે તેટલો કાઢવો છે. હું એ બાળકની નજીક ગયો અને પૂછ્યું ભૂખ લાગી છે ? થોડા સંકોચ સાથે બોલ્યા હા સાહેબ. ! ! મેં કીધું એક કામ કર, મારી કારમાં બેસી જા. તેના માટે તો આશ્ચર્ય હતું, એ થોડી બીક અને થોડા આનંદ સાથે મારી સાથે બેઠો. મેં કારને હૈરકટિંગ સલૂન પાસે ઊભી રાખી એ બાળકને અંદર લઇ ગયો. વાળ કપાવીને બહાર આવ્યો. સામે બાળકોના કપડાંની દુકાન હતી. ત્યાંથી તેના કપડાં લીધા, બાજુમાંથી બુટ મોજા પણ લીધા, પ્રોવિઝન સ્ટોરમાંથી સાબુ અને શેમ્પુ લીધું, પછી મેં કીધું બેટા ! તું રોજ કયાં ન્હાવા નું રાખે છે. ? ?

એ બાળક તે જગ્યાએ મને લઇ ગયો, એ નાહીંધોઇ નવા કપડાં અને બુટ પહેરી મારી સામે ઉભો રહ્યો, ત્યારે મને આનંદ થયો. અને મને ખાતરી પણ થઇ આ કોઇ ખાનદાન પરિવારનું બાળક છે. અને ચોક્કસ આ બાળક, બાળકો ઉપાડી જતી ગેંગનું શિકાર બન્યું લાગે છે. મેં કીધું બેટા તારું નામ તો કીધું નહીં. ? એ બોલ્યો શ્યામ વાહ સુંદર નામ છે.

પછી અમે કારમા એજ દુકાને ગયા જયાં એ કાચમાંથી સ્વીટ જોતો હતો. અમે અંદર ગયા, એ બાળકને મેં કીધું, બેટા આ દુકાનમાંથી તને ભાવતી કોઇપણ વસ્તુ પેટ ભરીને ખાઇ લે, એ બાળક મારી સામે જોતો જાય અને આનંદ થી ખાતો જતો હતો. જાણે ભગવાન અન્નકૂટ ખાતા હોય.

છેલ્લે જયારે બિલ ચૂકવવાનું આવ્યું, ત્યારે મેં દુકાનના શેઠ ને કીધું, આ એજ બાળક છે જેને સવારે તમે લાત મારી હતી. ધ્યાનથી જોઈ લ્યો, આ માસુમ બાળકનો ચહેરો, તમારી લાતનો જવાબ આપવાની તાકાત તો આ બાળક મા ન હતી, પણ આ તાકાત ઇશ્વરની પાસે જરૂર છે. આજ નહીં તો કાલ આ લાતનો જવાબ તમને ઇશ્વર આપશે. સાહેબ તમે ખોટી જગ્યા એ લાત મારી છે. કોઇને મદદ કરવી કે ન કરવી એ તમારી અંગત વાત છે. પણ તેને

- અનુસંધાન પાના નં-૭

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્રમંડળ - મુંબઈ

શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ કાર્યાલય : ૨૦/૨૪, જૂની હનુમાન ગલી, પ્રાગજીવૃંદાવન પ્રીમાઈસીસ કો.ઓ.
સોસાયટી લી., રૂમ નં ૪૩, ૩ જે માળે મુંબઈ -૪૦૦ ૦૦૨, ફોન : ૦૨૨ - ૨૨૪૦૦૨૪૦

## રાહત દરે અનાજ વિતરણ યોજના

## ઓગષ્ટ માસના અનાજ વિતરણના કાયમી દાતા પરિવાર



**શેઠ શ્રી ગીરધરલાલ લવચંદ વસા**
**પરિવારના સૌજન્યથી**



**શેઠ શ્રી ગીરધરલાલ લવચંદ વસા**

**શ્રીમતી ગજરાબેન ગીરધરલાલ વસા**



**શેઠ શ્રી અમૃતલાલ રામજી શાહ**
**પરિવારના સૌજન્યથી**



**શેઠ શ્રી અમૃતલાલ રામજી શાહ**

**શ્રીમતી જેકુંવરબેન અમૃતલાલ શાહ**

## સપ્ટેમ્બર માસના અનાજ વિતરણના કાયમી દાતા પરિવાર



**શેઠ શ્રી જીવણલાલ વીરચંદ મહેતા**
**પરિવારના સૌજન્યથી**



**શેઠ શ્રી જીવણલાલ વીરચંદ મહેતા**

**શ્રીમતી જયાબેન જીવણલાલ મહેતા**



Scanned with OKEN Scanner



# આ મોબાઇલે તો ભારે કરી !

**- પાર્થ પ્રજાપતિ**

જેના વગર આપણો દિવસ પૂરો નથી થતો અને જે આપણી આંખોથી થોડો પણ દૂર હોય તો આપણને બેચેની જેવું લાગ્યા કરે છે, એ મોબાઇલ હવે લોકોને મનોરંજનની સાથે અનિદ્રા, સ્ટ્રેસ અને ડિપ્રેશનની ભેટ પણ આપી રહ્યો છે. કોઇની ફેસબુક સ્ટોરી કે ઇન્સ્ટાગ્રામ સ્ટોરી જોઇને તેમની ચકાચૌંધ કરી દેનારી લાઇફસ્ટાઇલ આપણી રાત્રીની ઊંઘ છીનવી લે છે. પણ જયારે તે જ ઇન્ફ્લુએન્સર કે એકટરના ડ્રગ્સ કેસમાં ઝડપાવાના કે આપઘાત કરીને મોતને વહાલું કરી દેવાના સમાચાર સાંભળીએ છીએ, ત્યારે સમજાય કે, હાથીના દાંત ચાવવાના અને બતાવવાના અલગ અલગ હોય છે.

સોશિયલ મીડિયા પરની ઝાકઝમાળ દુનિયાનું સત્ય અત્યંત કડવું હોય છે. મોઢામાં આંગળા નંખાવી દે એવી લોકોની લાઇફસ્ટાઇલ જોઇને આપણે આપણાં નાના પરંતુ સુખી જીવનને એ લોકોની હરોળમાં મૂકીએ છીએ. પણ જયારે ભાંડો ફૂટે છે અને એ ઝાકઝમાળ દુનિયાનું સત્ય ઉજાગર થાય છે, ત્યાં સુધીમાં આપણું સુખી જીવન સુખી નથી રહેતું, પરંતુ લોનના હપ્તા ભરતી ને ડાચકાં ખાતી એક ઢંગઢાળ વગરની ગાડી જેવું બની જાય છે.

આ મોબાઇલની માયાજાળમાં આજે સૌથી વધારે જો કોઇનો ભોગ લેવાઇ રહ્યો હોય તો, એ બાળકો છે. આપણે ત્યાં બાળક જન્મે ત્યારે તેની નજર સૌથી પહેલાં તેના મા-બાપ કે સગાસંબંધીઓ પર નહીં, પરંતુ મોબાઇલની ફ્લેશ લાઇટ પર જાય છે. આ ફ્લેશ લાઇટ તેની આંખોને એવી આંજી દે છે, કે તેને લાગે છે કે આ જ અસલી દુનિયા છે. બાળક જેમ જેમ મોટું થતું જાય છે. તેમ તેમ મોબાઇલ તેના માટે અન્ય દરેક વસ્તુઓ કરતાં કીમતી બનતો જાય છે. તે મોબાઇલ વગરના જીવનની કલ્પના પણ નથી કરી શકતું. પછી તેને મોબાઇલ ન આપો તો તે ચીડિયું, ગુસ્સાવાળું અને હિંસક બનતું જાય છે.

શરૂઆતમાં કાર્ટૂન જોઇને મજા માણતું બાળક થોડું મોટું થાય એટલે ઇન્સ્ટાગ્રામની રીલ સ્ક્રોલ કરતું થઇ જાય છે. પહેલાં મા-બાપના એકાઉન્ટમાંથી તે ઇન્સ્ટાગ્રામની મજા માણે છે. પછી તે પોતાનું એકાઉન્ટ બનાવી લે છે. વાત ગળે ઉતરે તેવી નથી, પણ જે લોકો રોજ છાપું વાંચતા હશે તેમને આ વાત જરૂર સમજાશે, કારણકે સમાજનો અસલી અરીસો તો અખબારમાં જ છપાતો હોય છે.

હમણાં જ અરવલ્લીના એક નાનકડા ગામમાં પાંચમાં ધોરણમાં ભણતી બાળકીના રેપ અને અપહરણની ઘટના સામે આવી હતી. તપાસમાં બહાર આવ્યું કે બાળકી કોઇ અન્ય નહીં, પણ તેના મિત્ર સાથે હતી. જે તેને ઇન્સ્ટાગ્રામથી મળ્યો હતો. માત્ર દસ વર્ષની બાળકી ઇન્સ્ટાગ્રામ પર એકાઉન્ટ બનાવે છે. કોઇ અન્ય યુવાન સાથે સંપર્કમાં આવે છે અને અંતે બળાત્કારનો ભોગ બને છે. અહીં ચોકાવનારી વાત તો એ હતી કે, બળાત્કાર કરનાર કોઇ યુવાન ન હતો, પણ માત્ર ૧૬ વર્ષની ઉંમરનો કિશોર હતો. બંને સોશિયલ મીડિયાનો ભોગ બન્યા હતા.

હવે થોડું વિચારો શું વિતિ હશે એ મા-બાપ પર, જેમણે સપનામાં પણ નહિં વિચાર્યું હોય કે, જે બાળકને તે માત્ર એક રમકડાંની જેમ મોબાઇલ રમવા આપી દેતા હતાં, તે જ મોબાઇલ તેમના બાળકના ભવિષ્ય સાથે રમી જશે.

આ માત્ર એક સમાચાર નથી, પરંતુ સમાજ કંઇ દિશામાં જઇ રહ્યો છે, તેનું તાદ્રશ્ય રજુ કરતો અરીસો છે. વધુ નહીં પણ છેલ્લા એક મહિનાના છાપાંઓ વાંચી જાઓ, આવા તો ઢગલો સમાચાર મળશે, જે અનેક પરિવારોના વેરવિખેર થવાના સાક્ષી બન્યાં છે.

આજકાલ અસામાજિક તત્વો પણ મોબાઇલ દ્વારા જ ઝેર ઓંકી રહ્યાં છે, જાતિ અને ધર્મના નામે બાળકોને એકબીજાના કટ્ટર વિરોધી બનાવી રહ્યા છે. બાળકોના કૂમળા માનસપટલ પર એકબીજા પ્રત્યેની નફરત વધુને વધુ ધારદાર બની રહી છે, જે ફક્ત જે-તે બાળકનું ભવિષ્ય જ નહીં, પણ એક આખી પેઢીને અંધકાર તરફ ધકેલી રહી છે.

જયાંથી આ મોબાઇલ આવ્યો છે, તે પશ્ચિમના દેશો તો હવે આ વિષય પર વિચારવિમર્શ કરીને બાળકોના મોબાઇલના ઉપયોગને કેવી રીતે મર્યાદિત કરી શકાય, તે વિશે પગલા પણ ભરી રહ્યાં છે. ફ્રાન્સમાં તો છેક વર્ષ ૨૦૧૮ થી જ ૧૫ વર્ષથી નાના બાળકોના મોબાઇલ વાપરવા પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. ચીનમાં પણ બાળકોના મોબાઇલ વાપરવા માટે એક નિશ્ચિત સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે.

ગુજરાતમાં પણ દાહોદના દાઉદી વ્હોરા સમાજ દ્વારા ૧૫ થી ઓછી ઉંમરના બાળકોના મોબાઇલ વાપરવા પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. જે એક સરાહનીય પહેલ છે. દરેક સમાજે તેમાંથી શીખ લેવાની જરૂર છે.

સવાલ છે કે, શું કાયદો અને સમાજ નક્કી કરે પછી જ આપણે જાગીશું ? શું આપણે અત્યારથી જ આપણાં નિરંકુશ બાળકો પર લગામ ન લગાવી શકીએ ? એક નિરંકુશ બાળક બ્રેક વગરની ગાડી જેવું છે, સમય પર બ્રેક ન લગાવો તો એક્સિડેન્ટ નક્કી જ છે. એટલે જ હવે જયારે બાળક રડે કે જીદ કરે ત્યારે તેને મોબાઇલ નહીં, પરંતુ તમારો વ્હાલ આપશો.

## શ્રદ્ધા સુમન

: જન્મ :
૦૧-૦૧-૧૯૩૩



: સ્વર્ગવાસ :
૧૬-૦૮-૨૦૧૬

રાણપુર (સોરઠ) નિવાસી

# નિર્મળાબેન (નીમુબેન) તનસુખલાલ દોશી

**જીવનમાં સુવાસ, પ્રભુમાં વિશ્વાસ, આંખમાં અમી, દરિયા જેવું દિલ,**
**મીઠી વાણી, સ્નેહની સરવાણી, સરળ અને મિલનસાર સ્વભાવ,**
**વ્યવહારિક સુઝ અને બીજાને ઉપયોગી થવાની ભાવનાવાળા,**
**સુખને છલકાવ્યું નહિ, દુઃખને દેખાડયું નહિ, હસતો રાખી ચહેરો,**
**કાયમી લીધી વિદાય અને મૃત્યુને પણ કર્યું અમર**
**પૈસો આપતા બધું ખરીદી શકાશે પણ મા તથા માની મમતા અને પ્રેમ ખરીદી શકાશે નહિ,**
**હે પરમકૃપાળુ પરમાત્મા, સદ્‌ગત આત્માને શાશ્વત સુખ અને**
**પરમ શાંતિ અર્પે એવી અમારા સહપરિવારની પ્રાર્થના**

---

**તમે આવ્યા અમારા જીવનમાં, ફૂલછડી બનીને, ધૂપસળી બની સર્વત્ર મહેંકી ઉઠયા,**
**યાદ તમારી આવતા, આંખલડી છલકાય છે. જોઈ તસવીર તમારી આંસુ ઉભરાય છે.**

---

## -: પ્રેમાળ પરિવાર : -

| | | |
|---|---|---|
| પુત્ર-પુત્રવધુ | : | મનહર - મનોરમા, બિપીન - ભારતી, સતીશ - સુધા |
| પુત્રી - જમાઈ | : | ચંદ્રિકા - વિનોદરાય, યસુમતિ - નરેન્દ્રકુમાર, હર્ષા - અજયકુમાર |
| પૌત્ર - પૌત્રવધુ | : | બ્રિજેશ - મૌસમી, શ્રેયષ, અમિત તથા ભાવિન |
| પૌત્રી | : | નિધી, અવધી, રિયા તથા પરિતા |
| દોહિત્ર - દોહિત્રી | : | પ્રતીક, પ્રજ્ઞેશ, અક્ષય, દિપાલી, ફાલ્ગુની, કૃપાલી, સિદ્ધિ તથા નિરાલી |
| પ્રપૌત્રી | : | આયુષી, મહેક, આરુષી |

Kayami - Aug.

# તમારે સફળ થવું છે? આ રહી તેની ફોર્મ્યુલા – દૂરબીન:

- કૃષ્ણકાંત ઉનડકટ

**નિષ્ફળતા એ બીજું કંઇ જ નથી, માત્ર સફળ થવા માટે જે પ્રયાસો કરવા જોઇએ તેનો અભાવ છે. સફળ થવા માટે કેટલીક બાબતો ધ્યાનમાં રાખવાની અને તેને પ્રામાણિકતાપૂર્વક ફોલો કરવાની હોય છે.**

તમે કોઇને પણ પૂછજો કે, તમારે સફળ થવું છે? કોઇ વ્યક્તિ ના નહીં પાડે. બધાને સફળ થવું હોય છે. દરેકની એવી તમન્ના હોય છે કે, મારું નામ હોય, લોકો મને ઓળખે, લોકો મને આદર આપે, હું જયાં જાઉં ત્યાં મારી નોંધ લેવાય. માણસને આવી ઇચ્છાઓ હોય એ સ્વાભાવિક છે. આવી ઇચ્છાઓ હોવી જોઇએ. એ જ તો સફળ થવાનું પ્રેરકબળ છે. કોઇ પણ સફળતા એમ ને એમ નથી મળતી. એની પાછળ રાત-દિવસ અને લોહી-પાણી એક કરવાં પડતાં હોય છે. જે લોકો નિષ્ફળ જાય છે તેનો સૌથી મોટો પ્રોબ્લેમ એ જ હોય છે કે, સફળ થવા માટે જે કરવું જોઇએ એ તેઓ કરતા નથી. સફળ થવા માટે કેલેરિટી સૌથી વધુ જરૂરી છે. મનમાં ગાંઠ વાળી લેવી પડતી હોય છે કે, મારે સફળ થવું છે અને સફળ થવા માટે મારે જેટલી મહેનત કરવી પડશે એટલી કરીશ. જરાયે પાછી પાની નહીં કરું. હમણાં સફળ થયેલા લોકો પર એક અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસથી એ જાણવાનો પ્રયાસ થયો હતો કે, એવાં તે કયાં કારણો છે જે માણસ ને સફળ બનાવે છે? બધાના અનુભવો પરથી કેટલાંક તારણો કાઢવામાં આવ્યા છે. તેને સફળતનાની ફોર્મ્યુલા પણ કહેવામાં આવે છે.

સૌથી મોખરે છે, સખત મહેનત. કઠોર પરિશ્રમનો કોઇ વિકલ્પ નથી. જે માણસ જેટલી મહેનત કરે છે એટલા ઊંચા મુકામ સુધી પહોંચે છે. મહેનત વગર કોઇ સફળ થયું હોય એવો એકેય કિસ્સો નથી. ઘણા લોકો નસીબની વાત કરે છે. નસીબના મામલામાં પણ એક વાત ધ્યાન રાખવા જેવી છે કે, નસીબ પણ તો જ ચમકશે જો મહેનત કરશો. જે આળસુ થઇને પડ્યા રહે છે એનું નસીબ પણ કયારેય બેઠું થતું નથી. સખત મહેનત પછી જેની સૌથી વધુ જરૂર પડે છે એ છે, ધીરજ. કોઇ સફળતા રાતોરાત મળતી નથી. સમય લાગે છે. અત્યારના યંગસ્ટર્સનો એક પ્રોબ્લેમ એ છે કે, એને બધું ઝડપથી જોઇએ છે. આપણામાં કહેવત છે કે, ઉતાવળે આંબા ન પાકે. સફળતાનું પણ એવું જ છે. એક સમય લાગતો હોય છે. સફળ થવા માટે જે કરવું પડે એ કરતા રહો, સમય આવ્યે આપોઆપ સફળતા મળશે. જો ધીરજ ગુમાવી તો સફળતા સરકી જશે.

સફળતા માટે ત્યાગ ખૂબ જરૂરી છે. કંઇક મેળવવા માટે કંઇક છોડવું પડતું હોય છે. ઘણી બધી મજા જતી કરવી પડે છે. આપણે વડીલો પાસેથી એવી વાતો સાંભળતા આવ્યા છીએ કે, યુવાનીમાં મહેનત કરી લેશો તો તેનાં ફળ પછી ચાખવા મળશે. સફળ થવા માટે ટુ ડુ લિસ્ટ બનાવવાની સાથે નોટ ટુ ડુ લિસ્ટ પણ બનાવવું પડે છે. મારે આટલું તો નથી જ કરવાનું. ખોટો સમય નથી બગાડવાનો. અત્યારના સમયમાં સૌથી મોટો ઇશ્યૂ મોબાઇલ ફોનનો છે. સ્ક્રીન ટાઇમને કંટ્રોલમાં રાખતા જેને આવડે છે એને કોઇ વાંધો આવતો નથી. ન કરવા જેવું ન કરીએ તો જ કરવા જેવું કરી શકાય છે. જરાકેય લલચાયા તો ગયા. સફળતા માટેના કોઇ પ્રયત્નો મુલતવી ન રાખો. કાલથી કરીશું કે હજુ તો ઘણો સમય છે એવો વિચાર કર્યા વગર જ મહેનત ચાલુ કરી દેવી પડતી હોય છે.

એ પછી જેનું ધ્યાન રાખવું પડે છે, સાતત્ય. ઘણા લોકો આરંભે સૂરા હોય છે. થોડોક સમય સુધી લાગી પડે છે પણ પછી ફસકી જાય છે. કયારેક વિઘ્નો પણ આવવાનાં છે. સમસ્યાઓ પેદા થવાની છે. એ બધાંનો સામનો કરીને જે કરતા હોઇએ એ કરવું પડે છે. સાતત્ય ખોરવાયું તો સફળતાને બ્રેક વાગી જશે. સાતત્યની સાથે જ શિસ્તની જરૂર પડે છે. જે નક્કી કર્યું ન હોય એમાં કોઇ બાંધછોડ ન જોઇએ. કોઇ લાલચ કે મોહમાં આવ્યા વગર કામ કરવું પડે છે. પ્રસંગોથી માંડી પાર્ટીઓ થતી જ રહેવાની છે. રિલેક્સ થવા માટે થોડો સમય રાખવો જોઇએ એમાં ના નહીં, પણ એ સમય માઇન્ડ ફ્રેશ થાય એટલો જ રહેવો જોઇએ. આરામની પણ કુરબાની આપવી પડે છે.

આ બધાની સાથે એક વસ્તુ ખૂબ જ આવશ્યક છે અને એ છે, સેલ્ફ કોન્ફિડન્સ. પોતાની જાત પર શ્રદ્ધા. હું સફળ થઇશ જ. મહેનત કરું તો કેમ સફળ ન થાઉ? ઘણા લોકો મહેનત કરતા હોય છે.



Scanned with OKEN Scanner

પણ તેને પોતાની સફળતા પર જ શંકા થતી રહે છે. હું સફળ તો થઇશને ? આવા વિચારને બદલે જે લોકો એવા વિચાર કરે છે કે, હું સફળ થઇશ જ , એ સફળતાની નજીક રહે છે. માણસનો એટિટ્યુડ હંમેશા પોઝિટિવ રહેવો જોઇએ. તમારા ગોલ પર ફોકસ કરો અને સફળતાની ખાતરી સાથે પ્રયાસો ચાલુ રાખો. જેને પોતાની જાત પર શંકા હોય છે એ કયારેય સફળ થતા નથી. મહેનતનું ફળ મળવાનું જ છે. નિષ્ફળતાનો તો વિચાર જ નહીં કરવાનો. આમ નહીં થાય તો ? હું પાસ નહીં થાઉં તો ? મને ધારેલાં પરિણામો નહીં મળે તો ? આવા વિચારો ટાળવા જોઇએ. માણસના વિચાર જ તેને મજબૂત કે નબળા બનાવે છે. વિચારો સારા અને સચોટ રહેવા જોઇએ.




સફળ થવું બિલકુલ અઘરું નથી. અઘરું એને જ લાગે છે જેને કંઇ કરવું નથી. સફળતાને માણસની પરિસ્થિતિ સાથે પણ કંઇ લાગતું વળગતું નથી. આપણે એવા અસંખ્ય કિસ્સાઓ જોયા છે કે, ગરીબ કે સામાન્ય પરિવારનો છોકરો કે છોકરીએ ટોપ કર્યું હોય. ઉછીના લીધેલાં પુસ્તકો વાંચીને પણ મોખરે રહયા હોય. આવી ઘટનાઓ એ જ સાબિત કરે છે કે, જેને સફળ થવું છે એ કોઇ પણ ભોગે થશે. મારી પાસે આ સગવડ નથી, આ સુવિધા નથી, એવો કોઇ વિચાર તેઓ કરતા નથી. સ્ટ્રગલ તો રહેવાની જ છે. તમે કોઇ પણ સફળ માણસની જિંદગી જોઇ લો. એણે પોતાના મુકામ સુધી પહોંચવા માટે ખૂબ જ સંઘર્ષ કર્યો હોય છે. સંઘર્ષથી પણ કયારેય થાક લાગવો ન જોઇએ. આંખોમાં એવાં સપનાં આંજી રાખો કે, મારી આવતી કાલ ખૂબ સારી રહેવાની છે. જે બનવા માંગતા હોવ એ વિશે કલ્પના કરતા રહો. હું એક દિવસ અહીં હોઇશ. મારી વાતને ધ્યાનમાં લેવાતી હશે. મારા આદેશનું પાલન થતું હશે. હું લીડર બનીશ અને મારી ટીમને લીડ કરીશ. હું બીજા માટે આદર્શ બનીશ. લોકો મારામાંથી કંઇક શીખશે. પરિવારમાં મારું ઉદાહરણ અપાશે કે થવું હોય તો એના જેવું થવું.

પરિવાર હોય કે સમાજ, માન એને જ મળે છે જે એના માટે લાયક સાબિત થાય છે. આપણી આસપાસ એવા લોકો હોય છે જેની નોંધ લેવાતી હોય છે. એમના વિશે એટલું જ વિચારવાનું હોય છે કે, એણે એવું શું કર્યું છે કે એની નોંધ લેવાય છે. એણે મહેનત કરી હોય છે. એક વાત એ પણ યાદ રાખવા જેવી છે કે સફળતાનો કોઇ શોર્ટકટ નથી. કોઇ એવો માર્ગ જ નથી જે આસાનીથી સફળતા અપાવી દે. સરળ રસ્તા વિશે એવું પણ કહેવાતું રહ્યું છે કે, સરળ રસ્તો કયાંય જતો હોતો નથી. મહેનત તો કરવી જ પડે છે. ભોગ આપવો પડે છે. મહેનતને પણ એન્જોય કરવી જોઇએ. ઘણા લોકો મહેનતનો ભાર લઇને ફરતા હોય છે. મહેનત પણ મજાથી કરો. આપણે સાચા અને સારા રસ્તે હોઇએ એનું પણ આપણને ગૌરવ હોવું જોઇએ, ભલેને એ રસ્તો અઘરો હોય, સફળતાનો સિદ્ધાંત એ જ છે કે, મારે આ કરવું છે અને જયાં સુધી એ પૂરું નહીં થાય ત્યાં સુધી હું પ્રયત્ન કરતો રહીશ. સફળતાથી ઓછું મને કંઇ ખપતું નથી. માણસના ઇરાદા જ સરવાળે તેને પોતાની મંજિલ સુધી પહોંચાડતા હોય છે.

**પેશ-એ-ખિદમત**

***યહી આવાઝ કા મૌસમ હૈ ન ટાલો મુઝકો,***
***કુછ જવાબોં સે નિપટને દો સવાલો મુઝકો,***
***મૈં ખરા સિક્કા હું જબ ચાહે ચલા લો મુઝકો,***
***સર-એ-બાઝાર ન રહ રહ કે ઉછાલો મુઝકો.***

- રમેશ તન્હા

(સૌજન્યઃ સંદેશ)

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળની ભેટ નીચે લખેલ બેંક ખાતામાં જમા કરશોજી.**

Name : **Shri Sorath Visa Shrimali Subhechhak Mitra Mandal.**

Banker : **Bank of India**

Bullion Exchange Branch : **Mumbai**

A/c. No. : **000810100006108**

IFCI Code : **BKID0000008**

80/G : AACTS 1446 GF 20214 dt. 28-05-21

(આપની મોકલેલી રકમની દરેક વિગત, મોકલનારનું નામ, સરનામું, મોબાઈલ નંબર શ્રી વિનોદભાઈ મહેતાને મોબાઈલ નં. ૯૮૩૩૫૦૦૫૦૮ માં વોટસએપ ઉપર મોકલી આપવા વિનંતી.



Scanned with OKEN Scanner

# ડાયમંડ દાતાઓ રૂ. ૫,૪૦,૦૦૦/–

## શ્રી શ્રીકાંતભાઈ સાકરચંદ વસા પરિવાર

## શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા પરિવાર

## શ્રી પ્રકાશભાઈ રમણિકલાલ મહેતા પરિવાર

## શ્રી હસુમખભાઈ ગુલાબચંદ મહેતા પરિવાર

# ગોલ્ડ દાતાઓ રૂ. ૫૪,૦૦૦/–


સ્વ. મુગટલાલ માણેકચંદ વોરા હ. શ્રી મહેન્દ્રભાઈ વોરા
સ્વ. કાન્તાબેન મુગટલાલ વોરા હ. શ્રીમતી ઈન્દુમતીબેન વોરા
શ્રીમતી દર્શનાબેન પરિમલભાઈ ભીમાણી
શ્રી મુકેશભાઈ મનસુખલાલ ભીમાણી
શ્રી પિયુષભાઈ મનસુખલાલ ભીમાણી
શ્રીમતી ગુલાબબેન છગનલાલ ભણશાલી હ. હરેન્દ્રભાઈ–રાજેશભાઈ
શ્રીમતી મુકતાબેન ગુલાબચંદ કોરડીયા હ. કનકભાઈ
શ્રી જયપ્રકાશભાઈ પ્રભુલાલ મહેતા
શ્રી ભોગીલાલ ઝવેરચંદ વસા
શ્રીમતી અનસુયાબેન ભોગીલાલ વસા
સ્વ. નવિનચંદ્ર રમણીકલાલ દોશી
સ્વ. હસુમતીબેન નવીનચંદ્ર દોશી
શ્રી હિંમતલાલ ન્યાલચંદ શાહ, (યુએસએ)
સ્વ. મંજુલાબેન હિંમતલાલ શાહ, (યુએસએ)
શ્રી જયંતભાઈ ન્યાલચંદ શાહ હ. આરતીબેન



Scanned with OKEN Scanner

## ડાયમંડ દાતાઓ ₹ 5,40,000/-

### શ્રી શ્રીકાંતભાઈ સાકરચંદ વસા પરિવાર



શ્રી શ્રીકાંતભાઈ સાકસ્યંદ વસા



શ્રીમતી ઈન્દુબેન શ્રીકાંતભાઈ વસા

## ડાયમંડ દાતાઓ ₹ 5,40,000/-

### શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા પરિવાર



શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા



શ્રીમતી રીટાબેન કિરીટકુમાર મહેતા





Scanned with OKEN Scanner

# સોરઠ વિસા શ્રીમાળી જૈન સમાજ ટ્રસ્ટ
## આરોગ્ય આર્થિક સહાય યોજના

### ડાયમંડ દાતાઓ ₹ 5,40,000/-

### શ્રી પ્રકાશભાઈ રમણીકલાલ મહેતા પરિવાર



શ્રી પ્રકાશભાઈ રમણીકલાલ મહેતા



શ્રીમતી વીણાબેન પ્રકાશભાઈ મહેતા

### ડાયમંડ દાતાઓ ₹ 5,40,000/-

### શ્રી હસમુખભાઈ ગુલાબચંદ મહેતા પરિવાર



શ્રી હસમુખભાઈ ગુલાબચંદ મહેતા



શ્રીમતી વર્ષાબેન હસમુખભાઈ મહેતા



Scanned with OKEN Scanner

# ગોલ્ડ દાતાઓ રૂ. ૫૪,૦૦૦/–

શ્રી લલિતભાઈ દામોદરદાસ મહેતા

શ્રીમતી જયાબેન લલિતભાઈ મહેતા હ. લલિતભાઈ

શ્રી પ્રાણલાલ કપૂરચંદ દોશી

શ્રીમતી માધુરીબેન પ્રાણલાલ દોશી

શ્રીમતી હીનાબેન હરેશભાઈ મહેતા હ. હરેશભાઈ

શ્રી ખુશાલચંદ પાનાચંદ વસા હ. શ્રીમતી ચંદનબેન અ. મહેતા

શ્રીમતી લાભુબેન ખુશાલચંદ વસા હ. શ્રીમતી ચંદનબેન અ. મહેતા

શ્રી વ્રજલાલ જગજીવનદાસ વોરા હ. શ્રી શૈલેષભાઈ

શ્રીમતી વિજયાબેન વ્રજલાલ વોરા હ. શ્રીમતી રૂપલબેન

શ્રી પ્રવિણચંદ્ર પોપટલાલ દોશી હ. પરાગભાઈ

શ્રી જયંતભાઈ વ્રજલાલ મહેતા

શ્રી સુરેશભાઈ જયંતીલાલ શાહ હ. શ્રીમતી સરલાબેન

સ્વ. અરવિંદકુમાર લક્ષ્મીચંદ પારેખ હ. કૌશલભાઈ, (જર્મની)

સ્વ. ઉષાબેન ભૂપેન્દ્રભાઈ સંઘવી હ. ભૂપેન્દ્રભાઈ

શ્રીમતી નિર્મળાબેન જેઠાલાલ શાહ હ. વર્ષાબેન અને ગીતાબેન

શ્રી નટવરલાલ મોહનલાલ શાહ હ. શ્રી સંજયભાઈ

શ્રીમતી લીલાવંતીબેન ભોગીલાલ મહેતા હ. શ્રી પરેશભાઈ

શ્રી છબીલદાસ ગીરધરલાલ મહેતા હ. શ્રી ચંદ્રેશભાઈ

શ્રીમતી કુમુદબેન છબીલદાસ મહેતા હ. શ્રી હિતેશભાઈ

સ્વ. પ્રવીણભાઈ લક્ષ્મીચંદ સંઘવી હ. ભાવનાબેન

સ્વ. મનસુખલાલ પુરષોત્તમદાસ મહેતા

સ્વ.મંજુલાબેન મનસુખલાલ મહેતા

શ્રી નવીનચંદ્ર ગોકળદાસ સંઘવી હ. શ્રી કિરણભાઈ

શ્રીમતી નંદાબેન નવીનચંદ્ર સંઘવી હ. શ્રી કિરણભાઈ

નરોત્તમદાસ જીવનભાઈ વોરા ચેરીટી ટ્રસ્ટ હ. શ્રીમતી મધુબેન સી. વોરા

શ્રી હસમુખલાલ પ્રેમચંદ પારેખ હ. શ્રીમતી ભાવનાબેન

શ્રી રમેશભાઈ પ્રભુદાસભાઈ સંઘવી

શ્રીમતી સોનલબેન રમેશભાઈ સંઘવી

શ્રી વિનોદભાઈ શામજીભાઈ શાહ હ. શ્રી જીગરભાઈ

# સિલ્વર દાતાઓ રૂ. ૫,૪૦૦/-

શ્રીમતી છાયાબેન ભરતભાઇ વોરા હ. શ્રી કૃણાલભાઈ
સ્વ.જેઠાલાલ જીવનભાઈ વોરા
સ્વ.લક્ષ્મીબેન જેઠાલાલ વોરા
શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મંડળ મલાડ
એક શુભેચ્છક
શ્રી કિશોરકુમાર દેવકરણ શાહ હ. શ્રી આચલભાઈ
શ્રી હરિલાલ ગીરધરલાલ મહેતા હ. શ્રી જીગ્નેશભાઈ અને શ્રી મનીષભાઈ

## સિલ્વર દાતાઓ ₹ 5,400/-


શ્રીમતી છાયાબેન ભરતભાઇ વોરા
(રૂપિયા ૫૪૯૯/-)


સ્વ.જેઠાલાલ જીવનભાઈ વોરા


સ્વ.લક્ષ્મીબેન જેઠાલાલ વોરા

શ્રી સારેઠ વિશા શ્રીમાળી જૈન મંડળ મલાડ

એક શુભેચ્છક


શ્રી આચલભાઈ કિશોરભાઈ શાહ
શ્રી કિશોરકુમાર દેવકારણ શાહ


શ્રી હરિલાલ ગીરધરલાલ મહેતા

# સોરઠ વિસા શ્રીમાળી જૈન સમાજ ટ્રસ્ટ
## આરોગ્ય આર્થિક સહાય યોજના

## ગોલ્ડ દાતાઓ — ₹ 54,000/-


શ્રી મુગુટલાલ માણેકચંદ વોરા


શ્રીમતી કાન્તાબેન મુગટલાલ વોરા


શ્રીમતી દર્શનાબેન પરિમલભાઈ ભીમાણી


શ્રી મુકેશભાઈ મનસુખલાલ ભીમાણી


શ્રી પિયુષભાઈ મનસુખલાલ ભીમાણી


શ્રીમતી ગુલાબબેન છગનલાલ ભણશાલી


શ્રીમતી મુક્તાબેન ગુલાબચંદ કોરડીયા


શ્રી જયપ્રકાશ પ્રભુલાલ મહેતા


શ્રી ભોગીલાલ ઝવેરચંદ વસા


શ્રીમતી અનસુયાબેન ભોગીલાલ વસા


સ્વ. નવીનચંદ્ર રમણીકલાલ દોશી


સ્વ. હસુમતીબેન નવીનચંદ્ર દોશી


શ્રી હિંમતલાલ વ્યાલચંદ શાહ (યુએસએ)


સ્વ. મંજુલાબેન હિંમતલાલ શાહ (યુએસએ)


શ્રી જયંતભાઈ વ્યાલચંદ શાહ


શ્રી લલિતભાઈ દામોદરદાસ મહેતા


શ્રીમતી જયાબેન લલિતભાઈ મહેતા


શ્રી પ્રાણલાલ કપૂરચંદ દોશી


શ્રીમતી માધુરીબેન પ્રાણલાલ દોશી


શ્રીમતી હીનાબેન હરેશભાઈ મહેતા



Scanned with OKEN Scanner

# સોરઠ વિસા શ્રીમાળી જૈન સમાજ ટ્રસ્ટ
## આરોગ્ય આર્થિક સહાય યોજના

### ગોલ્ડ દાતાઓ ₹ 54,000/-


શ્રી ખુશાલચંદ પાનાચંદ વસા


શ્રીમતી લાભુબેન ખુશાલચંદ વસા


શ્રી વ્રજલાલ જગજીવનદાસ વોરા


શ્રીમતી વિજ્યાબેન વ્રજલાલ વોરા


શ્રી પ્રવિણચંદ્ પોપટલાલ દોશી


શ્રી જયંતભાઈ વ્રજલાલ મહેતા


શ્રી સુરેશભાઈ જયંતીલાલ શાહ


શ્રી અરવિંદકુમાર લક્ષ્મીચંદ પારેખ (જર્મની)


સ્વ. ઉષાબેન ભૂપેન્દ્રભાઈ સંઘવી



શ્રીમતી નિર્મળાબેન જેઠાલાલ શાહ


શ્રી નટવરલાલ મોહનલાલ શાહ


શ્રીમતી લીલાવંતીબેન ભોગીલાલ મહેતા


શ્રી છબીલદાસ ગીરધરલાલ મહેતા


શ્રીમતી કુમુદબેન છબીલદાસ મહેતા


સ્વ. પ્રવીણભાઈ લક્ષ્મીચંદ સંઘવી

સ્વ. મનસુખલાલ પુરષોત્તમદાસ મહેતા

સ્વ.મંજુલાબેન મનસુખલાલ મહેતા


શ્રી નવીનચંદ્ર ગોકળદાસ સંઘવી


શ્રીમતી નંદાબેન નવીનચંદ્ર સંઘવી


શ્રીમતી મધુબેન ચંદ્રકાંતભાઈ વોરા

# સોરઠ વિસા શ્રીમાળી જૈન સમાજ ટ્રસ્ટ
## આરોગ્ય આર્થિક સહાય યોજના

### ગોલ્ડ દાતાઓ — ₹ 54,000/-


શ્રી હસમુખલાલ પ્રેમચંદ પારેખ



શ્રી રમેશભાઈ પ્રભુદાસભાઈ સંઘવી


શ્રીમતી સોનલબેન રમેશભાઈ સંઘવી


શ્રી વિનોદભાઈ શામજીભાઈ શાહ

## ૧૭મી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ

સુખ-દુ:ખમાં સદાય હસતા રહ્યા તમે,
સૌના હૃદયમાં વસતા રહ્યા તમે,
હતા નજર સમક્ષ, પાપણ પલકારે મોક્ષ
પામી ગયા, જીવન એવું જીવી ગયા,
બધાને પ્રેરણા આપી ગયા, અણધાર્યા
છોડી ગયા જીવન છતાં જીવીત હોવાનો
ભાસ છે, દર્શન નથી તમારા દેહના પણ
હૃદયમાં તમારો વાસ છે.



# સ્વ. શ્રી રમેશચંદ્ર નગીનદાસ મહેતા

**જન્મ : ૧૨-૧૨-૧૯૫૨**

**સ્વર્ગવાસ : ૦૯-૦૮-૨૦૦૮**

## લિ. શ્રી નગીનદાસ કપુરચંદ મહેતા પરિવાર

| | |
|---|---|
| **માતુશ્રી** | : સ્વ. મંજુલાબેન નગીનદાસ મહેતા |
| **પત્ની** | : શ્રીમતી મધુબેન રમેશચંદ્ર મહેતા |
| **ભાઈ - ભાભી** | : મયુર નગીનદાસ મહેતા - શ્રીમતી કીર્તિબેન મયુર મહેતા |
| **પુત્ર-પુત્રવધુ** | : સૌરભ રમેશચંદ્ર મહેતા - જીનાલી સૌરભ મહેતા<br>અંકિત રમેશચંદ્ર મહેતા - કોમલ અંકિત મહેતા<br>મહેક મયુર મહેતા - પ્રગતિ મહેક મહેતા<br>રોનક મયુર મહેતા - અદિતિ રોનક મહેતા |
| **પુત્રી** | : બિજલ જીગરકુમાર વોરા |
| **પૌત્ર** | : રીશાન, મનય, સમય |
| **દોહીત્રી** | : પરી - ધનવી |
| **બહેનો** | : ઊર્મિલાબેન હસમુખરાય શાહ, તુલાબેન કમલેશકુમાર મહેતા |


## કિર્તીડિયામ (જ્વેલર્સ)

**૭/૮/૯, શંકર નગર, વલ્લભબાગ લેન, તિલક રોડ, કોર્નર,**
**ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦ ૭૭**
**ફોન : 022 2102 7083 / 2102 59 24**
**મયુર નગીનદાસ મહેતા : 98200 56226**
**મહેક મયુર મહેતા : 9930462343**


Kayami - Aug.



Scanned with OKEN Scanner

# કાશ ! મોટાં થયાં પછી પણ આ રીતે થઇ શક્તું !

- આરતી રામાણી 'એન્જલ'

કહેવાય છે બાળકનું મન કોરી પાટી જેવું હોય છે. જે ચીતરવું હોય એ ચીતરાઇ જાય અને વળી પાછું જો ચીતરવામાં કંઇક ગડબડ થઇ ગઇ હોય તો પાછું એને નવેસરથી ચીતરી પણ શકાય. નાનાં હતાં ત્યારે આપણે પણ સાવ કોરી પાટી જ હતા. ના મનમાં કોઇ કલેશ, ના કોઇ ઉદ્દેશ્ય, ના કોઇ ચિંતા, ના કોઇ તકલીફ, પણ જેવાં મોટાં થયાં આપણી પાટી આપણે એવી રીતે ચીતરી નાખી કે લાખ કોશિશ છતાં પણ તેને ભૂંસી નથી શકાતી.

મોટાં થયાં પછી આપણાં પર અસંખ્ય જવાબદારીએ ડેરો જમાવી દીધો ! જેમ સાપ ફેણ ચડાવીને બેઠો હોય એમ આ જવાબદારીઓ પણ જાણે આપણાં પર ફેણ ચડાવીને બેસી ગઇ છે ! નથી તો તે ત્યાંથી આપણને નાસવા દેતી કે નથી ત્યાં ડર્યા વગર સ્થિર રહેવા દેતી વળી જો નાશવાની કોશિશ પણ કરીએ કે સહેજેય હલીએ તો સીધી એ ફેણ આપણને ડસી લે. આ સમયે આપણને આપણું બાળપણ બહુ યાદ આવે. કેવા અલ્લડની જેમ બસ રમતાં અને રખડતાં ! દુનિયામાં શું થઇ રહ્યું છે તેની પણ આપણને કયાં કંઇ પડી હતી ! બસ એક શાળાએ જવું જ સૌથી અગત્યનું છતાં આપણને ના ગમતું કાર્ય રહેતું. હાં, બધાને એવું નથી થતું હોતું. ઘણાં માટે શાળાએ ખરેખર, શીખવાનું ઉત્તમ એવું મંદિર રહ્યું હોય છે. જયારે આપણે બાલમંદિરમાં હતાં ત્યારે આપણાં હાથમાં આજનાં વિદ્યાર્થીઓની જેમ સીધાં પેન્સિલને કાગળ નહોતા આવ્યાં. આપણે તો પહેલાં પાટીમાં પેનથી લખતાં. શિક્ષક પાટીમાં એક બાજુ 'ક' અને બીજી બાજુ 'ખ' લખીને આપતા અને આપણે એને બસ ઘૂંટતા રહેતાં. ઘૂંટતા રહેતાં. અને જેવાં એ બન્ને આવડી જતા કે શિક્ષક એની બાજુમાં અલગથી આપણી પાસે 'ક' અને 'ખ' આપણી જાતે લખાવતા અને એ બન્ને સાચા પડતા તો આપણી પીઠ પણ થાબડતા. તે કેટલી હિંમત આપણને આપતું ને પછી વારો આવતો 'ગ' અને 'ઘ' ઘૂંટવાનો, પરંતુ એ બન્ને લખવા કઇ રીતે ? પાટીને તો બન્ને બાજુ થી આપણે 'ક' અને 'ખ' થી ચીતરેલી હોય છે ત્યારે આપણે બન્ને બાજુ પાણી છાંટતા અથવા ભીનું કપડું મારતાં એ પછી પાટીને હવામાં ઉપર નીચે ઉપર નીચે કરી હલાવતા રહેતાં અને બોલતાં 'ચકી ચકી પાણી પી જા, બે રૂપિયા ના દાણા ખાઇ જા.' બાળપણ ખરેખર, કેટલું માસૂમિયત અને નાદાનીથી ભરેલું હોય છે ! આવી રીતે પાટી હલાવતાં હલાવતાં ખરેખર, અચંબા સાથે તે કોરી પણ થઇ જતી અને નાદાન આપણે વિચારતા કે ખરેખર, ચકી પાણી પી ગઇ હશે ! પાટી તો ખરેખર, હવાને કારણે સૂકાઇ જતી, પરંતુ આપણાં માટે તો આપણી ચકી જ આવીને પાણી પી જતી અને પાટી સૂકાવી જતી અને જેવી ચકી પાટીમાંથી પાણી પી જતી તરત શિક્ષક ફરી 'ગ' અને 'ઘ' ઘૂંટવા આપી દેતા.

કાશ ! મોટાં થયાં પછી પણ આ રીતે થઇ શકતું ! મગજની પાટી પર કંઇક એવું ચીતરાઇ ગયું હોય જે ખોટું હોય અને તેને ફરી યોગ્ય કરવું હોય અથવા નવેસરથી તેમાં કંઇ નવું ચીતરવું હોય અને આવી રીતે પાણી છાંટી કે ભીનું કપડું મારી બોલી શકતા કે 'ચકી ચકી પાણી પી જા, બે રૂપિયાના દાણા ખાઇ જા' અને ખરેખર, આપણી તે જ બાળપણની ચકી આવીને પાણી પી જતી જેથી આપણી પાટી ફરી કોરી થઇ જતી અને આપણે નવેસરથી તેમાં કંઇક ઘૂંટી શકતાં ! કાશ ! આવું થઇ શકતું હો તો જીવન કેટલું સરળ થઇ જતું ! કોઇ ભૂલ થઇ કે તરત ચકીને બોલાવતા અને ચકી પાણી પી જતી પછી ભૂલને આપણે સુધારી શકતાં અથવા કોઇએ આપણી સાથે કરેલા દગાની યાદોને આ રીતે ભૂંસી શકતાં, કોઇ વ્યક્તિ, કોઇ જગ્યા, કોઇ સમય, કોઇ વસ્તુ, કોઇ પ્રસંગ, કોઇ ઘટના, કોઇ હકીકત, કોઇ લાગણી, કોઇ પળ, કોઇ યાદો કાશ ! ફરીથી ચીતરી શકતાં !

જીવન આપણને આવી રીતે ફરીથી નવું ચીતરવાનો મોકો ફક્ત બાળક હોઇએ ત્યારે જ આપે છે; મોટાં થયા પછી આવી તક શોધવા છતાં નથી મળી શકતી એટલે જ બાળપણને મનુષ્ય જીવનના દરેક તબક્કામાંથી સૌથી સુંદર અને મહત્વનો તબક્કો કહ્યો છે તો બાળક હોઇએ ત્યારે મન ભરીને આપણે પાટી ચીતરી લેવાની બેશક, હવે ફરીથી પાટી ચીતરવા અને ભૂંસવા આપણે પાછાં બાળક તો નથી જ બની શકવાનાં, પરંતુ આપણાં સંતાનની પાટીને તો મન ભરીને ચીતરાવી શકીએને ? એમનામાં ફરી આપણે આપણું બાળપણ જીવી શકીએને માટે બાળક બની પાટી ભરપુર ચીતરી લેવાની પછી પાછું એક ભીનું કપડું કે પાણીનો છંટકાવ અને ફરી પાછું 'ચકી ચકી પાણી પીજા, બે રૂપિયાના દાણા ખાઇ જા' ને જેવી ચકી પાણી પી જાય કે તરત નવું ચીતરવા તૈયાર રહેવાનું, પણ હાં, એક વાત ખાસ ધ્યાને રાખવાની જરૂર છે, આપણો સમય અલગ હતો. આપણું બાળપણ ખરેખર, માસૂમિયતથી ભરેલું હતું જયારે આજના સમયનાં બાળકોમાં એ માસૂમિયત નથી રહી તો એ શું ચીતરી રહ્યાં છે તેનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે અને એવું કંઇ એમને ચીતરવા જ ના દેવું જે ભૂંસવા છતાં પણ, જેનું પાણી ચકીનાં પી જવા છતાં પણ પાટીમાં ડાઘા રહી જાય અને પાટી ઓઘરાઓઘરા લાગે જેથી નવું ચીતરવા જતાં એમને કાંઇ તકલીફ ના પડે અને પાટી ફરી પહેલાં જેવી હોય તેવી જ સ્વચ્છ અને ચોખ્ખી રહે.

**બાળપણમાં જેમ પાટીમાંથી ચકી આવીને પાણી પી જતી,**
**કાશ ! મોટાં થયાં પછી મનની પાટી આમ કોરી થઇ શકતી !**
**ખૂબ લખતા, ખૂબ ઘૂંટતા, ને ખોટું જો કરી ઘૂંટાઇ જતું તો,**
**ફરી ભીનું કપડું, ફરી ચકી, ફરી પાટી હતી એવી થઇ જતી.**



Scanned with OKEN Scanner

# દરીયા દિલ કલાકાર - હેમુ ગઢવી

ભાઈ વગરની ગરીબ બેનનો દીકરો મામાને ત્યાં જવાની હઠ પકડે છે, કેમેય કરીને માનતો નથી. આખરે રેડિયો પર હેમુદાન ગઢવીનું ગીત સાંભળીને મા તેના દીકરાને કહી દે છે કે, આ જ છે તારો મામો હવે આગળ વાંચો...

સમય : ઇ.સ.૧૯૬૧

અને મામાના કંઠ વચ્ચે આંટા મારતું એ અબુધ બાળક કિલકારી ઊઠ્યું:

'મામાની વાત કેમ ન કરી, મા?'

'કેમ કરું ગગા? તારો મામો બહુ આઘો રહે છે, ઠેઠ રાજકોટમાં'

'તો આપણે રાજકોટ જાઇ મા...

'હું એને કાગળ લખું પછી જાશું'

'મામાનું નામ તો તને આવડે છે ને?'

'હા બેટા! એનું નામ હેમુદાન ગઢવી છે' તે ગઢવી તો આપણેય છયેં ને સ હે, મા?' 'હા દીકરા! માટે તો તારો મામો થાય ને?'

અને પછી છોકરાએ મામાને કાગળ લખીવાની રઢ લીધી. 'ગામનો ચોરો' કાર્યક્રમ પૂરો થયો. અને પત્રોના જવાબ પછી આકાશવાણી-રાજકોટનું સરનામું બોલાયું. બાઇએ હૈયે હામ રાખીને વળતા દિવસે, વેપારીની દુકાનેથી પોસ્ટકાર્ડ લઇને હેમુભાઈ ગઢવીના નામે કાગળ લખ્યોઃ

'હેમુભાઈ! મારે અને તારે આંખનીય ઓળખાણ નથી, છતાં મેં તને મારો ભાઈ કરી માન્યો છે. જનમ-દઃખણી છું.'

નભાઈ છું, બાળોતિયાંની બળેલ છું.

મારે કોઇ ઓથ કે આધાર નથી, અને મારો એકનો એક દીકરો ઘણા સમયથી મામાનું નામ ઝંખતો હતો.

'ન ભાઈ' એવું હું એને મામો કયાંથી લાવી દઉં, ભાઈ? આથી મેં મામા તરીકે તારું માન દઇ જીધું છે. રેડિયો ઉપર તારું ગીત સાંભળ્યા પછી સરનામું યાદ રાખીને આ કાગળ લખું છું. જો મારી વાત તને ગોઠે તો છોકરાનો મામો થાજે, અને એકાદ આંટો ।વજે. નીકર મારા આ કાગળને નકામો સમજીને ફાડી નઆખજે, અને અમને માફ કરી દેજે.

હાંઉ વીરા! તારાં દૂધ અને દીકરા જીવે. ભૂલ ચૂક માફ કરજે!

બાઇનો કાગળ 'ગામનો ચોરો' વિભાગમાં પહોચ્યો, અને ત્યાંથી આકાશવાણીનો પટાવાળો કાગળ લઇને હેમુભાઈ ગઢવીને પહોંચાડી આવ્યો. ત્રાંસી, વાંકી લીટીઓ છેકછાક, અને ઇયળિયા અક્ષરો વાળો કાગળ હેમુભાઈ ગઢવીએ મથી મથીને ઉકેલ્યો, અને કાગળની ઉકલત જયારે હૈયે વી, ત્યારે એની આંખો ભીની થઇ ગઇ.

'આ હો જીતવા! દરેક કલાકાર જે તત્વને પામવા મથામણ કરે છે, અને પોતાની કલાના કવન-કથનમાં પ્રાણ પૂરવા માગે છે, એ જ તત્વ આજ સામે ચાલીને મને નિમંત્રી રહ્યું છે. ભલે, મારી બોન!' હું એક વાર નહીં, સાતવાર તારો ભાઈ, ધર્મનો.

આ તો હજી અધૂરી વાત છે,

કલાઇમેક્સ હજી હવે આવશે,

ત્યાર પછીની બનેલ ઘટના વધુ હૃદયદ્રાવક છે.

જુનાગઢ પ્રોગ્રામ કરી પરત ફરતા હેમુદાનભાઈએ એ ગામને પાદર ગાડી રોકાવી, મધરાતે બેનના ઘરે ટકોર મારી ભાણેજને ગળે લગાડ્યો, અને એ જમાનામાં મળેલ પ્રોગ્રામની રકમ રૂા.૫૦૦૦/- (આજના ૨૫ લાખ થાય.) ત્યાં મૂકતાં આવ્યા.

ચૂપચાપ ગાડી રોજકોટને પાદર પહોંચી, ત્યારે ચા પીવા રોકી, અને હેમુદાનભાઈએ આ વાત બધાને કરી અને કહ્યું કે તમારા ભાગના રૂપીયા હું તો ત્યાં બેનને આપી આવ્યો, પણ હવે તમને સાંજ સુધીમાં પૂગતા કરીશ.

ડાયરાનાં કલાકારોએ એક સુરે જવાબ દીધો કે, તમારી બેન ઇ અમારી બેન, અને તમે જો આ ધરતીની ઉજળિયાતનાં રખઓપા કરતાં હો, તો અમારે હવે ઇ પૈસા નો ખપે. સમ છે કસુંબલ ધરતીના, જો હવે પૈસાની વાત કરી છે.!!!

ધીરે રહીને હેમુદાનભાઈએ કહ્યું કે બીજું તો ઠીક, પમ ચા વાળાને કોઇ પૈસા આપી દેજો, મારી પાસે તો જે હતા તે બધા હું બેનના ઘરે મુકતો આવ્યો છું.

વાત સાંભળી રહેલ ચા વાળો આજ મોકો ભાળી ગયો. આવડા મોટા કલાકારની દાતારી અને ઉદારતાની વહેતી ગંગામાં તેણે પણ ડૂબકી લગાવી.

'ખબરદાર કોઇએ પૈસાની વાત કરી છે તો! તમે ધરતીની આબરૂના રખોપા કરો, અને હું તમારા ચા નાં પૈસા લઉં, તો મારી માનું ધાવણ લાજે.'

ન તો ચા વાળાએ પૈસા લીધા, અને ના તો કલાકારોએ.. અને કાઠીયાવાડની ધરતી ફરી એક વાર મધમધતી કરી.

'મિત્રો'

આ એ જ હેમુદાનભાઈ ગઢવી ની સત્ય ઘટના છે, જેનાં નામે રાજકોટમાં હેમુ ગઢવી થીયેટર છે.



Scanned with OKEN Scanner

ટે.નં. ૦૨૨-૨૨૪૦૦૨૪૦

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ – મુંબઈ

શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ કાર્યાલય, ૪૩, પ્રાગજી વૃન્દાવન સોસાયટી, ત્રીજે માળે, ૨૦/૨૪ જૂની હનુમાન ગલી, મુંબઈ ૪૦૦ ૦૦૨.

## મીઠાઈ / ફરસાણ વિતરણ – ૨૦૨૫ – ૨૦૨૬

ફોર્મ નં. ______________ તારીખ ૦૧.૦૮.૨૦૨૫

અરજદારનું પૂરૂં નામ તથા સરનામું ______________________________

______________________________ મૂળ વતન ______________ હાલ ______________

ગત ઘણા વર્ષોથી આપણી ઉપરોક્ત સંસ્થા આપણા સમાજના દરેક સભ્યોને શુદ્ધ અને સાત્વિક મીઠાઈ/ફરસાણ રાહત દરે વિતરણ કરે છે. આ વર્ષે પણ દિવાળીના તહેવારોમાં વિતરણ કરવાનું નક્કી કરવામાં આવેલ છે, જેનું બુકિંગ તથા વિતરણ નીચેના સ્થળેથી થશે. આ વર્ષે (૧) કાજુ ટીકા ૫૦૦ ગ્રામ (૨) ખજુર પાક ૫૦૦ ગ્રામ (૩) નડીયાદી ભૂસું ૫૦૦ ગ્રામ તથા (૪) નવરંગ ભુસું ૫૦૦ ગ્રામ (એક કિલો મીઠાઈ તથા એક કિલો ફરસાણ) આ માટે રૂપિયા ૮૫૦/- (રૂપિયા આઠસો પચાસ પુરા) રાખેલ છે જે ફોર્મ સાથે બુકિંગ સમયે ભરવાના રહેશે.

| | | |
|---|---|---|
| શ્રી સોરઠ વિશાશ્રીમળી શુભેચ્છ મિત્ર મંડળ, શ્રી કાન્તિલાલ ભગવાનદાસ શાહ કાર્યાલય, ૪૩, પ્રાગજી વૃંદાવન સોસાયટી, ત્રીજે માળે, ૨૦/૨૪ જૂની હનુમાન ગલી, મુંબઈ -૪૦૦ ૦૦૨<br>બુકિંગ : ૨૭.૦૯.૨૫ શનિવાર સાંજે ૪ થી ૬<br>વિતરણ: ૧૮.૧૦.૨૫ શનિવાર સાંજે ૪ થી ૬ | શ્રી અજય પારેખ, સી - ૬૦૫, જીરાવલી રેસિડન્સી, છઠ્ઠો માળ, દેરાસર લેન, જૈન મંદિરની સામે, ઘાટકોપર (ઈસ્ટ), ૪૦૦ ૦૭૭.<br>મો: ૯૮૨૧૫ ૪૫૪૨૦<br>બુકિંગ: ૨૮.૦૯.૨૫ રવિવાર સવારે ૧૦ થી ૧૨<br>વિતરણ : ૧૮.૧૦.૨૫ શનિવાર સાંજે ૪ થી ૬ | સતીશભાઈ દોશી, ડી-૨, ૫૦૪ શીતલ એપાર્ટમેન્ટ, જૈન મંદિર રોડ, સર્વોદય નગર, મુલુંડ વેસ્ટ, ૪૦૦ ૦૮૦<br>મો. ૯૨૨૪૪૪૮૪૪૮.<br>બુકિંગ: ૨૮.૦૯.૨૫ રવિવાર સવારે ૧૦ થી ૧૨<br>વિતરણ: ૧૮.૧૦.૨૫ શનિવાર સાંજે ૭ થી ૯ |
| શ્રી હર્ષદભાઈ વોરા ચિરાગ સ્ટોર્સ આત્મ વલ્લભ, આચોલે રોડ, નાલાસોપારા (ઈસ્ટ), મુંબઈ -૪૦૦ ૨૦૯<br>હર્ષદભાઈ વોરા : ૮૭૯૩૭૨૬૬૮૩<br>બુકિંગ: ૨૮.૦૯.૨૫ રવિવાર સાવરે ૧૦ થી ૧૨<br>વિતરણ: ૧૮.૧૦.૨૫ શનિવાર સાંજે ૫ થી ૭ | એસ.વી જૈન મંડળ (ભાયંદર), અરૂણભાઈ વસા પેકેજીંગ, શોપ નં. ૧, મેગ્નમ પ્લાઝા, ૯૦ ફીટ રોડ, ભાયંદર (વેસ્ટ) - ૪૦૧ ૧૦૧<br>મો. ધવલ : ૯૮૨૦૫૮૫૧૪૮,<br>મનીશ : ૯૦૨૨૯૦૯૯૫૭<br>બુકિંગ: ૨૭.૦૯.૨૫ શનિવાર સાંજે ૯ થી ૧૦<br>૨૮.૦૯.૨૫ રવિવાર સવારે ૧૦ થી ૧૨<br>વિતરણ: ૧૯.૧૦.૨૫ રવિવાર સવારે ૧૦ થી ૧૨ | એસ વી. જૈન મંડળ (બોરીવલી), ૩૦૪ સિમ્પોલી દર્શન કો.ઓ.હા.સો.લી. સીમ્પોલી રોડ, બોરીવલી (વેસ્ટ), ૪૦૦ ૦૯૨.<br>વિનોદભાઈ બી મહેતા: ૯૮૩૩૫૦૦૫૦૮<br>જયેશભાઈ સી દોશી: ૯૮૨૧૧૪૭૧૭૭<br>સંજયભાઈ ડી મહેતા: ૯૮૨૦૦૯૯૦૭૧<br>બુકિંગ: ૨૮.૦૯.૨૫ રવિવાર સવારે ૯ થી ૧૨<br>વિતરણ: ૧૮.૧૦.૨૫ શનિવાર સાંજે ૪ થી ૭ |
| હિમાંશુ શશીકાંત સંઘવી, ૬૦૨, જાગૃત એપાર્ટમેન્ટસ ૬ઠે માળે, સાઈનાથ રોડ, મલાડ (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૬૪<br>ફોન : ૦૨૨-૨૮૪૪૧૯૨૯<br>હિમાંશુભાઈ મો: ૯૮૨૦૦ ૫૫૯૦૬.<br>બુકિંગ: ૨૮.૦૯.૨૫ રવિવાર સવારે ૧૦ થી ૧૨<br>વિતરણ: ૧૯.૧૦.૨૫ રવિવાર સવારે ૧૦ થી ૧૨ | અરૂણાભાઈ વોરા, ૧૫૩, જવાહર નગર રોડ નં. ૧, ૧૦૩ મંઢોરા હાઈટસ, પહેલે માળે, જૈન સ્વીટ્સ એન્ડ ફરસાણ ની ઉપર, ગોરેગામ (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૧૦૪<br>મો.: ૯૦૮૨૦ ૧૯૨૧૯<br>બુકિંગ: ૨૭.૦૯.૨૫ શનિવાર સવારે ૧૦ થી ૧<br>રવિવાર સવારે ૧૦ થી ૧<br>વિતરણ: ૧૮.૧૦.૨૫ શનિવાર સવારે ૧૦ થી ૧<br>૧૯.૧૦.૨૫ રવિવાર સવારે ૧૦ થી ૧ | શ્રી સૈલેષ વી. વોરા, પંચમ એપાર્ટમેન્ટ, ઈરાનીવાડી રોડ નં. ૨, ઈન્ડિયન બેન્કની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭.<br>મો: ૯૮૨૧૦ ૪૫૪૨૨<br>બુકિંગ: ૨૭.૦૯.૨૫ શનિવા સવારે ૧૦ થી ૧૨<br>વિતરણ: ૧૮.૧૦.૨૫ શનિવાર સાંજે ૪ થી ૬ |

ફોર્મ નં: ______________ સેન્ટર ______________

શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ-મુંબઈ, તરફથી મીઠાઈ/ ફરસાણ વિતરણ યોજના વર્ષ – ૨૦૨૫ માટે

શ્રી ______________________________ મૂળ વતન ______________ હાલ ______________

સરનામું ______________________________

______________________________

તરફથી રૂ. ૮૫૦/- (અંકે રૂપિયા આઠસો પચાસ પુરા) રોકડા મળેલ છે.

પૈસા લેનારની સહી ______________ તારીખ ______________

ખાસ નોંધ: વિતરણ સમયે મીઠાઈ / ફરસાઈ લઈ જવા કપડાની થેલી સાથે લાવવી જરૂરી છે.



Scanned with OKEN Scanner

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ - મુંબઈ

## શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ કાર્યાલય

૪૩, પ્રાગજી વૃન્દ્રાવન સોસાયટી, ત્રીજે માળે, ૨૦/૨૪ જૂની હનુમાન ગલી, મુંબઈ - ૪૦૦ ૦૨૨.

તારીખ: ૦૧.૦૮.૨૦૨૫

### ઘર ગૃહસ્થી પ્રકલ્પ યોજના - વિતરણ વર્ષ ૨૦૨૫

સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજના આર્થિક જરૂરિયાતમંદ કુટુંબીઓને ગત ૨૬ વર્ષોથી, આપણી આ સંસ્થા દર વર્ષે ઘર ઉપયોગી વસ્તુનું રાહત દરે વિતરણ કરે છે. આ યોજના હેઠળ આ વર્ષે જયપાન મિક્ષર નું વિતરણ રૂપિયા ૧૦૦૦/- (રૂપિયા એક હજાર પુરા) માં કરવાનું નક્કી કરેલ છે જેની પ્રકલ્પ યોજનાનો લાભ લેવા ઈચ્છતા કુટુંબોએ આ ફોર્મમાં સંપૂર્ણ વિગત ભરી સાથે રૂપિયા ૧૦૦૦/- આ સંસ્થાની ઓફિસે શનિવાર, તારીખ ૨૭.૦૯.૨૦૨૫નાં રોજ સાંજે ૪ થી ૬ ના સમયે ભરવાના રહેશે. વિતરણ શનિવાર તારિખ ૧૧.૧૦.૨૦૨૫ ના રોજ સાંજે ૪ થી ૬ ના સમયે ફક્ત સંસ્થાની ઓફિસે થી કરવામાં આવશે.

અરજદારનું પુરૂં નામ ____________________ મોબાઈલ નં. ____________

અરજદારનું પુરૂં સરનામું ______________________________

મૂળ વતન ____________ હાલ ____________ ફોર્મ સંસ્થાની ઓફિસેથી પણ મળશે.

અરજદાર શ્રી ____________________તરફથી જયપાન મિક્ષર માટે રૂપિયા ૧૦૦૦/- અંકે રૂપિયા એક હજાર પૂરા મળ્યા છે.

અરજી નં. ____________ તારીખ ____________ ફોર્મ લેનારની સહી. ____________

---

## ઓફીસ માટે

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ-મુંબઈ

### શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ કાર્યાલય

૪૩, પ્રાગજી વૃન્દ્રાવન સોસાયટી, ત્રીજે માળે, ૨૦/૨૪ જૂની હનુમાન ગલી, મુંબઈ - ૪૦૦ ૦૨૨.

### ઘર ગૃહસ્થી પ્રકલ્પ યોજના ફોર્મ

અરજી નં. ____________

નામ તથા સરનામું ______________________________

______________________________

મૂળ વતન ____________ હાલ ____________ મોબાઈલ નં ____________

કુટુંબના કુલ સભ્યોની સંખ્યા ________ કમાતા સભ્યોની સંખ્યા ________ કુટુંબની કુલ વાર્ષિક આવક રૂ. ____________

અરજદારનો વ્યવસાય તથા સરનામું ____________________ મોબાઈલ નં. ____________

અરજદાર તરફથી રૂ.૧૦૦૦/- અંકે રૂપિયા એક હજાર પુરા રોકડા મળેલ છે.

અરજદારની સહી

પૈસા લેનારની સહી



Scanned with OKEN Scanner



## ગં.સ્વ.વિજયાબેન ધીરજલાલ શેઠ (ઉ.વર્ષ.૮૮)

**સ્વર્ગવાસ : શુક્રવાર તા.૨૦-૦૮-૨૦૧૦**

### : અહર્નિશ વંદન :

**સ્વ. છોટાલાલ હરખચંદ શેઠ (ઉના) ● જીવાલાલ બબજી ઠક્કર (રાણપુર-ભેંસાણ)**

**પુત્ર : શરદ - કિશોર ● પુત્રવધુ : મીના, જ્યોતિ ● પૌત્ર : ધવલ, સમીપ ● પૌત્રી : ધારા**

**પુત્રી - જમાઈ : કુમુદ પ્રવીણચંદ્ર શાહ, હસુમતી મણીકાંત મહેતા, કોકિલા શરદકુમાર મહેતા, રેખા દિનેશકુમાર વડાલિયા, સ્મિતા મનીષકુમાર દોશી, નીતા મુકુન્દકુમાર પારેખ**

**દોહિત્ર - જમાઈ : મનીષ - મેઘાવી, હિરેન - ઊર્મિ, અમિત - અદિતિ, વિરલ - પીયુષા, દર્શન - ફેમિના**

**પ્રદોહીત્રી : મહેક, આરુષી ● પ્રદોહીત્ર : ક્રીશીવ**

**દોહીત્રી - જમાઈ : ખ્યાતી નિરવકુમાર પારેખ, સ્વાતી ભાવિકકુમાર ગોહિલ, વૈશાલી પ્રતિકકુમાર સરવૈયા, વિધિ મીતકુમાર જાગાણી, રિદ્ધિ જેનીશકુમાર શાહ**

**પ્રદોહીત્ર : હર્ષિલ - ભવ્ય, વિહાન - હિતાંશ ● દોહિત્ર : સર્વેશ,**

---


**કિશોર ધીરજલાલ શેઠ**

બી-૮૦૨, શુભમ લાવિસ્ટા, હેપ્પી હોમ કો.ઓ.હા.સો.લી., પંતનગર,
ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૫

**મો. : ૯૮૨૧૦૧૮૩૪૨**


Kayami - Aug.

# ૪૭મી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ



**દેહવિલય :**
**તા. ૨૨ ઓગષ્ટ ૧૯૭૮**

**૪૭ મી પુણ્યતિથિ**
**તા. ૨૨-૦૮-૨૦૨૪**



**ચિ.સંજય** **ચિ. પરેશ**

**ખીલીને કરમાય છે ફૂલો, એ તો નિયમ છે કુદરતનો,**
**અણખીલી કરમાય કળી, તો એ કુદરતને શું કહેવું ?**
**તમારી અણધારી વિદાયને ૪૭ વર્ષ પૂરા થયા.**
**તમારી સ્મૃતિઓ અને કાળના ક્રૂર જખમની યાદ હજુ રૂઝાઈ નથી**
**તમારો પ્રેમ, સ્નેહ અને માયાળુ સ્વભાવ અને**
**તમારા હસમુખા ચહેરાઓની સ્મૃતિની એ ઝલક**
**અમારા માટે જીવનનો સહારો બની છે.**
**તમારી યાદને અમારા હૃદયમાં સાચવીને**
**અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.**
**પ્રભુ તમારા આત્માને ચિર:શાંતિ બક્ષે એવી અભ્યર્થના**

**પિતાશ્રી : સ્વ. અમીચંદભાઈ જીવનભાઈ વોરા**
**માતુશ્રી : સ્વ. કંચનબેન અમીચંદભાઈ વોરા**
**સ્વ. નરોત્તમદાસ જીવનભાઈ વોરા**
**સ્વ. ગીરધરલાલ જીવનભાઈ વોરા**

## શ્રી જીવનભાઈ લક્ષ્મીચંદ વોરા પરિવાર

Kayami - Aug.



Scanned with OKEN Scanner

# એકસઠ તીરથ ઘર આંગણિએ

**- પારૂલબેન ભરતકુમાર ગાંધી (- - - ) રાજકોટ**

માતા-પિતા, વર્તમાન સમયનું ઉપેક્ષિત માન દિવસે દિવસે માતા-પિતાનું મહત્ત્વ, સન્માન, મર્યાદા ઘટતા જાય છે. ઘણીવાર આપણે જોઇએ તો ઘરમાં કે બહાર વડીલો કામ-કાજ કરતાં હોય, ઊભા હોય અને યુવનો-યુવતીઓ ખરશી પર પગ લાંબા કરી બેઠા હોય. ખરેખર, આવું જોઇએ ત્યારે મન ઉદાસીથી ભરાઇ જાય છે વડીલોનો માન-મરતબો સચવાતો નથી. ખરેખર, તેમાં વાંક આપણો જ છે. નાનપણથી સંતાનોને લાડ લડાવવામાં એ શીખ આપતા તો ભૂલી જ ગયા છીએ કે વડીલો સાથે કેવો વ્યવહાર કરવો જોઇએ? એક નાનકડી વાત જોઇએ.

એક નાનો એવો બાળક ગામામાં રહેતો હતો. તેના ઘરની બાજુમાં એક આંબાવાડી હતી. પેલો બાળક રોજ આંબા નીચે જાય, ત્યાં રમે, આંબા પર ચડે, ભૂખ લાગે તો કેરી ઉતારી ખાઇ લે. આંબાને પણ બાળક સાથે ખૂબ મજા આવતી. બાળકની સાથે તે પણ ખીલી ઉઠતો. સમય પસાર થતાં બાળક મોટો થયો. આગળ ભણવા લાગ્યો. હવે તેને સમય ન મળતો. એક દિવસ તે આંબા પાસે ગયો. હવે તો તે કિશોર થઇ ગયો હતો. આંબા પાસે જઇને રમ્યો, તેની નીચે બેસી આરામ કર્યો. આંબાએ કહ્યું, કેમ આવતો નથી? આવતો રહેજે. હવે પેલો બાળક યુવાન થઇ ગયો હતો. એક દિવસ આંબા પાસે આવ્યો. આંબો ઓળખી ગયો. તેણે પૂછ્યું, ઘણા વરસે આવ્યો, કેમ ઉદાસ લાગે છે? યુવાને કહ્યું, મારે ભણવું છે. મારી પાસે ફીના પૈસા નથી. આંબાએ કહ્યું, તો ચિંતા ન કર. અત્યારે ઘણી કેરીઓ આવેલી છે. તે બધુ તું ઊતારી લે, પૈસા આવે તેનાથી ફી ભરી દે. યુવાને તેમ કર્યું તેની સમસ્યાનું સમાધાન થઇ ગયું. થોડો વર્ષો પછી ફરી પેલો પ્રોઢાવસ્થામાં પહોંચી ગયો હતો તે આંબા પાસે આવ્યો. આંબો તેને જોઇને ખુશ થયો, ઓળખી ગયો. આજે કેમ આવ્યો છે? પેલાએ કહ્યું મારી પાસે ઘર નથી, ઘર બનાવવનું છે. હું હંમેશા મારે જયારે મુશ્કેલી હોય ત્યારે જ તમારી પાસે આવું છું. આંબો કહે, ભલે આવ્યો ભાઈ. આજે મારા પર કેરીઓ તો નથી આવી, પણ મારી ડાળીઓ ઘણી છે, તેને કાપી નાખ, લાકડું લઇ જા, તેનાથી તારું ઘર બનાવી લેજે. પ્રૌઢે કહ્યું, ડાળીઓ કાપું તો તમે તો સાવ બુઠ્ઠા થઇ જાવ, એમ નથી કરવું. આંબો કહે, 'તેની ચિંતા ન કર'. પેલાએ ડાળીઓ કાપી લીધી. આ વાતને વર્ષો વીતી ગયા.

એક દિવસ એક વૃદ્ધ માણસ આવ્યો. આંબો તેને ઓળખી ગયો. વૃદ્ધને કહ્યું કે, 'કેમ આવ્યો છે ભાઈ? આજે તો મારી પાસે કંઇ નથી. ડાળી, પર્ણ, ફળ બધું જ ચાલ્યું ગયું. આજે હું તને કાંઇ આપી શું તેમ નથી.' પેલો વૃદ્ધ કહે, 'આજે હું કાંઇ લેવા નથી આવ્યો. મારે તમને ભેટવું છે મારી આખી જિંદગીમાં મને જયારે જયારે ભીડ પડી ત્યારે તમે મને મદદ કરી છે. હું તમારો ખુબ ખુબ આભારી છું.' વૃદ્ધ જયાં આંબાને ભેટે છે ત્યાં તો આંબાને નવા પર્ણો ફૂટ્યા. ફરી તે નવપલ્લવિત થઇ રહ્યો.

માતા-પિતા એ પણ આંબા જેવા છે. સંતાનોને જયારે જરૂર પડે ત્યારે તેઓ નિસ્વાર્થભાવે બધું આપતાં જ રહે છે. પોતાનો કિંમતી સમય, શક્તિ, કમાણી, પ્રેમ, લાગણી, વાત્સલ્યભાવ બધું જ પણ સામે તેમને મળે છે શું?

જીવન-જિંદગી આપનાર માતા છે. પોતાના લોહીને સીંચીને તે બાળકને જન્મ આપે છે. પુરૂં જીવન સંતાનોને સમર્પિત કરી દે છે. જયાં સુધી તેમના આર્શીવાદ સંતાનોની સાથે છે ત્યાં સુધી સંતાન સંપૂર્ણ સુરક્ષિત છે. વિસમ સંયોગોમાં જયારે સગા-વ્હાલા-મિત્રો-પત્ની સુધ્ધા સાથ છોડી દે છે ત્યારે પણ માતા-પિતા સંતાનની ઢાલ બનીને ઊભા રહે છે. આથી આવા માતા-પિતાના આદર-સમ્માન કરી, મધુર સંબંધો રાખવા જોઇએ.

સંતાન પાસે ધન ન હોય, મુસીબતોના પહાડ તુટી પડ્યા હોય, ભાઈ-બહેનો અજનબી બની ગયા હોય એવા સમયે પણ માતા-પિતા સાચા સાથી બની સાથ નિભાવે છે. પૂરી સૃષ્ટિમાં માત્ર માત-પિતા જ એવા હોય છે કે જે આપણને નસીહત તો આપે જ છે, વસિયત પણ આપે છે.

આવા માતા-પિતાને જે સંતાનો હેરાન કરે છે તે કયારેય સુખી થતા નથી. પોતાનું સ્વાસ્થ્ય અનુકૂળ ન હોય તો પણ તેઓ સંતાનના ઉત્તમ સ્વાસ્થ્યની પ્રુભપ્રાર્થના કરે છે. પોતાની પાસે પૈસા ન હોય તો ઊછીના-ઉધાર લઇને પણ સંતાનની પ્રત્યેક ખુશી પૂર્ણ કરવા તત્પર રહે છે. અનેક મુશ્કેલીઓ સહન કરીને જન્મથી લઇ જીવન પર્યંત પાલન-પોષણ કરવાવાળા હજારો માત–પિતા આજે વૃદ્ધાશ્રમોમાં સબડે છે, બાળકો પાસે હડધૂત થઇ જીવન પસાર કરી રહ્યા છે, મરવાને વાંકે જીવી રહ્યા છે. એટલે જ કોઇકે કહ્યું છે,

**ફલ ન દેગા ના સહી, છાંવ તો દેગા તુમકો,**
**પેડ બૂઢા હી સહી, આંગન મેં લગા રહેને દો.**

આજે તો જે વ્યક્તિ કે વસ્તુ કામમાં આવે ત્યાં સુધી રાખવામાં આવે છે. કામ પુરૂં થઇ ગયા પછી કોઇને તે રાખવી નથી. પછી તે પશુ હોય, માતા-પિતા હોય, ઘરની વસ્તુ હોય કે વૃક્ષ હોય. માત્ર ઉપયોગિતાનું જ મૂલ્ય છે. આજે માણસ તો જીવે છે, પરંતુ માણસાઇ

**- અનુસંધાન પાના નં-૩૫**



Scanned with OKEN Scanner

૨૬ મી પુણ્યતિથિએ માનભરી શ્રધ્ધાંજલી



## સ્વ.શ્રી મણિલાલ પાનાચંદ વસા

**જન્મ : ૧૨-૦૩-૧૯૧૪ ❖ સ્વર્ગવાસ : ૦૬-૦૮-૧૯૯૯**

**અન્યની વેદના જોયા પછી સંવેદના ન જાગે, તો આપણે માનવ કેમ કહેવાશું ?**
**માનવતા વિના ધર્મ શોભે નહિં. ધર્મ વિના માનવતા દીપે નહીં ,**
**આપની વિદાયને ૨૫મું વર્ષ પૂરું થયું. છતાં અમો હરપળે**
**આપની યાદ સદાય તાજી રાખીએ છીએ.**
**આપનૂ પ્રામાણિકતા, સૌજન્યશીલતા, વ્યવહારદક્ષતા તથા સદાય હસમુખ ચહેરો અને**
**કુંટુંબ ઉપયોગી સમર્પણની સુગંધ અમોને સદાય યાદ રહેશે.**
**આપની ૨૬મી પુણ્યતિથિએ એમો અમારી ભક્તિભાવભરી હૃદયના ઊંડાણથી**
**શ્રધ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.**
**તમો ધૂપસળી જેવું જીવન જીવી ગયા, સુગંધ જેની ચોતરફ મૂકતા ગયા.**

-: આપનાં :-

**પુત્રો :** હરકિશન, દિનેશ તથા જીતેન્દ્ર
**પુત્રવધુઓ :** કુસુમ, હંસા તથા હર્ષિદા
**પુત્રીઓ :** સ્વ. ભાનુબેન હસકિશનદાસ મહેતા
શારદાબેન પ્રમોદભાઈ વોરા, જ્યોતિબેન નરેશભાઈ શાહ
**પૌત્ર :** ગૌરવ, અંકિત **પૌત્રવધુઓ :** હિરલ, નીતિ
**પૌત્રીઓ :** અનિતા, સરીતા, સેજલ, પાયલ

૨૦૪, પોપ્યુલર એપાર્ટમેન્ટ. ૩૭ ટાગોર રોડ,
સાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૪
મો.: ૯૮૧૯૮૪૩૪૨૫, ઘર : ૨૬૪૯ ૧૮૦૨

Kayami - Aug.

## વાત એક માણસની

# શ્યામલ શ્યામલ બરન

- ગિરીશ ગણાત્રા

'... મને લાગે છે કે તમે ઇન્ટરવ્યુ માટે ખોટી વ્યક્તિની પસંદગી કરી છે...'

રંગભૂમિ અને નાનીનાની ફિલ્મોનાં એક કલાકાર બહેનની સાથે હું વાતચીત કરી રહ્યો હતો. આપણે એમને સુષ્માને નામે ઓળખીશું.

'મને વર્માસાહેબ તમારા વિશે વાત કરી એટલે તમને ખોતરવાનું મન થયું. ગઇ કાલે તમારો શો પૂરો થયો ત્યારે તમારા દિગ્દર્શનને દાદ આપતા અમે કેન્ટીનમાં ચા પી રહ્યા હતા ત્યારે વર્માસાહેબે વાતવાતમાં કહ્યું કે 'ક્યાંથી ક્યાં આ છોકરી પહોંચી ગઇ!' બસ, આ એક જ વાક્ય પર તમને મળવાનું મન થઇ આવ્યું. તમને વાંધો નથી ને?'

'ના રે ના. મને શો વાંધો હોય!' સુષ્મા બોલી, 'હું તો બહુ મામૂલી કલાકાર છું. આજીવિકા માટે આ ક્ષેત્રમાં આવી છું, બાકી આ થોબડું જોઇને કોઇ ફોટો ગ્રાફરને પોતાની ફિલ્મ બગાડવાનું મન ન થાય.' એણે હસીને કહ્યું. 'આપણા કેમેરાઓ બાહ્ય તસવીરો ખેંચે છે. એવો કોઇ કેમેરો શોધવા જોઇએ કે જે વ્યક્તિની અંતરછબી પણ દર્શાવે...' મેં હસીને કહ્યું.

પાંત્રીસેક વર્ષનાં સુષ્માબહેન સાથે જે વાતો થઇ એમાં નર્યો એનો સંઘર્ષ વ્યક્ત થયો. નાટ્ય વિવેચક વર્માસાહેબે કહ્યું હતું કે નરદમ સત્ય હતું. કયાંથી કયાં સુધી આ છોકરી પહોંચી ગઇ!

'... હું ત્રણ વર્ષની હતી ત્યારે મારા પિતાને મારી મા સાથે શું વાંધો પડ્યો કે એ અમને-મા-દીકરીને છોડીને સદાયને માટે જતાં રહ્યા. એ જયારે અમને છોડીને ચાલ્યા ગયા ત્યારે અમારી ઘરની સ્થિતિ જરાય સારી નહોતી. અરે ઘર કેવું? ઝૂંપડું. દિલ્હીમાં વળી 'ઘર' નો વૈભવ પોસાય? મિનિસ્ટર સાહેબોની મોટીમોટી કોઠીઓની પાછળની જગામાં જે છાપરાંઓ ઊભાં થયાં એમાંનું અમારું એક હતું. બંગલાની પાછળના આઉટ-હાઉસના નાનકડા દરવાજામાં પ્રવેશ કરી, કોઠીઓમાં અમે કામ કરવા જતાં. મારી મા આવી એક કોઠીમાં કામે કરે ત્યારે સાંજના ચૂલા જલે, આવી અમારી સ્થિતિ હતી.'

ઘર વિશે તમે પૂછો છો? તો લો, ઘરનું ચિત્ર તમારી સામે ચીતરી દઉં. બાર બાય બારની જગા. લાકડાની વળીઓ ને જૂના ચાર થાંભલાને જડેલાં પતરાઓ. બાપ સુથાર એટલે વળી છાપરું મજબૂત બની શક્યું. એની અંદર માટી લીંપીને 'ફ્લોરીંગ' કર્યું. ફ્લોરિંગનો મતલબ લીંપલી માટી. એથી વિશેષ કંઇ નહિ.

મા મિનિસ્ટર સાબેહની કોઠીમાં કામ કરે એટલે એના નળથી પાણી ભરવાની છૂટ. ઘરમાં એક મોટી નાન રાખેલી એટલે પાણીનો સંગ્રહ થાય. અમારાં અને બાજુબાજુનાં છાપરાંઓમાં ઇલેક્ટ્રિસિટી નહીં એટલે સાંજે દરેક છાપરાની બહાર સગડીઓ રાખી, રસોઇ થાય. દરરોજ સાંજે સગડીઓ ધુમાડાથી અમારો આ વિસ્તાર ધુમિલ થઇ જાય. છાપરાંઓમાં બળતો હોય એક નાનકડો દિવો-ટમટમિયું. દરેક છાપરાની બહાર એક-બે ખાટલા પડેલા હોય. ચામાસા સિવાય પુરૂષવર્ગ બહાર જ સૂવે. સાંજે-રાત્રે ઘેર આવે ત્યારે ખાટલા નીચે જ જોડા ઉતારે. દરેક ઘરની આગળ ગંદા પાણીની એક નાનકડી નીક તો વહેતી જ હોય. આવા કાદવિયા વાતાવરણમાં હું જન્મી અને મોટી થઇ.

હું ત્રણ વર્ષની હતી ત્યારે માને બાપુ જોડે ઝઘડો થયો. સખત, મોટો. આજુબાજુવાળાઓ વચ્ચે પડયા ત્યારે એ અટક્યો નહીંતર એ સીરિયલ લાંબી થઇ જાય પણ એ સાંજ, એ રાત આ ઘરમાં બાપુની છેલ્લી હતી. એ સવારે ગયા તે ગયા, પાછા કયારેય આવ્યા નહીં.

મા એકલી પડી, એકલી થઇ ગઇ. હવે મારા ઉછેરની જવાબદારી મા માથે આવી પડી. એ કોઠીમાં કામ કરવા જાય ત્યારે મને સાથે લઇ જાય પણ હું હતી થોડી તોફાની એટલે મિનિસ્ટર સાહેબનો પરિવાર વારંવાર માને ટોકતો કે આ છોકરીને લઇને કામે ન આવ. મને ઘેર એકલી મૂકીને આવે તો પણ ચિંતા. એક વખત એકલી મૂકીને ગઇ. હું રમતાં રમતાં નીકળી ગઇ અને ઘર ભૂલી એટલે પોલીસના હાથમાં જઇ ચડી. છેક મોડી સાંજે મને મા તેડવા આવી ત્યારે ઘેર આવી. મારા ઉધામાનો એક માત્ર માર્ગ એ હતો કે મને સ્કૂલમાં દાખલ કરી દેવી જેથી માની ચિંતા તો ઓછી થાય.

હવે મને સ્કૂલમાં દાખલ કરવામાં આવી. મ્યુનિસિપલ શાળા. ફી મફત. અહીં કોઇ ઉચ્ચ વર્ગના છોકરા-છોકરીઓ ભણવા નહોતાં આવતાં. બધાં અમારા જેવા ગરીબ વર્ગના પણ એ ગરીબ વર્ગના સંતાનો કંઇકેય સુખી હતાં. સારાં કપડાં ને સારું દફતર તો લાવતાં. જયારે મારે તો ફાટેલા ફ્રોકને થીંગડાં મારીમારીને ચલાવવું પડતું.

સાત વર્ષનો એ કાળ ઘણો કપરો હતો. એ પછી નવા આવેલા મિનિસ્ટર સાહેબની મહેરબાનીથી માને કોઇ તાર ઓફિસમાં ખસની પટ્ટીઓ પર પાણી છાંટવાનું અને સ્ટાફને પાણી પિવરાવવાનું હંગામી કામ મળ્યું. હંગામી કામ એટલે નોકરી જ, પણ પરમેનન્ટ નહીં. માનું નામ મસ્ટર-રોલમાં. પગાર પૂરો, રજાના લાભ મળે



Scanned with OKEN Scanner

પણ કાયમી નહીં, જેવી હોય તેવી, પણ મિનિસ્ટરની કોઠીના ઠામ-વાસણ અને કપડાં ધોવા કરતાં એ સારી હતી, આર્થિક દ્રષ્ટિએ.

હું ભણવામાં જરાય હોંશિયાર નહીં, જેમ તેમ, ગ્રેસના માર્ક મૂકીમૂકીને શિક્ષકો મને ઉપલા વર્ગમાં કુદાવી આપતા. એમાં દયા હતી, 'છોકરીની જાત' પ્રત્યેની કદાચ લાગણી હતી.

હું એસ.એસ.સી. માં નાપાસ થઇ. બીજા વર્ષે અને ત્રીજા વર્ષે પણ. ગણિતમાં મારું ભેજું ચાલે જ નહીં. દર વખતે એ વિષયમાં માંડ દસથી પદંર માર્ક મળે. પછી મેં ચોથી ટ્રાય આપવાનું માંડી વાળ્યું. મૂળથી જ પાયો કાચો એટલે ગણિતરૂપી એ વૈતરણી પાર કરી શકવાની મારી હિમંત ચાલી નહીં. આને કારણે આગળ અભ્યાસ કરવાના ઘણા ઘણા દરવાજાઓ મારે માટે બંધ થઇ ચૂક્યા હતા.

એક વખત હું કોઇ મેગેઝિન વાંચી રહી હતી ત્યારે એમાં મેં નાટ્યકલાની તાલીમ માટે કેટલીક કોલેજોએ ડિપ્લોમા-કોર્સ શરૂ કર્યો હતો. મેં તાલીમ લેવાનું નક્કી કર્યું. મ્યુનિસિપલ સ્કૂલમાં આખું વર્ષ મારા શિક્ષકો ભલે મારી ઉપેક્ષા કરતા, પણ શાળાના વાર્ષિક મહોત્સવ વખતે મને જરૂર પકડી પાડતા. હું મેકઅપ કરીને નાટકોમાં ભાંગડા નૃત્યો કે ભીલનૃત્યોમાં ભાગ લેતી. અભિનય મારું સબળ પાસું હતું.

મારી નવાઇ વચ્ચે કોલેજની નાટયશાળામાં મને પ્રવેશ મળી ગયો. અહીં નાટયક્ષેત્રની મને વ્યવસ્થિત તાલીમ મળી. સંવાદ વખતે શુદ્ધ ઉચ્ચારણોની વોઇસ-એકસરસાઇઝ, ફૂટ-સ્ટેપ્સ, વોઇસ-કલ્ચર, મુવમેન્ટ, મેકઅપ, દિગ્દર્શન ઘણું વૈજ્ઞાનિક ઢબે જાણવા મળ્યું. મને આ વિષયમાં રસ હતો એટલે હું દિલથી એનો અભ્યાસ કરી રહી હતી.

પહેલા વર્ષને અંતે અમારે વિદ્યાર્થીઓએ નાટક ભજવી બતાવવાનું હતું. અભ્યાસના ભાગરૂપે આ નાટક તૈયાર કરવાનું મેં ઇબ્સનના નાટક 'ડોલ્સ હાઉસ' (ઢીંગલીઘર) પર પસંદગી ઉતારી. નોરાનું પાત્ર ઉપરાંત નાટકના દિગ્દર્શનનો ભાર મેં જ ઉઠાવ્યો.

સ્રુ હાઉસના સ્ટેજ પરથી આમંત્રિતોની હાજરીમાં આ નાટક રજૂ થયું ત્યારે તાળીઓના ગડગડાટ વચ્ચે પડદો પડ્યો. મારો અભિનય વખણાયો. હું આ દુનિયામાં જીવી ગઇ. અભિનય ઉપરાંત દિગ્દર્શનમાં પણ મારી કાબેલિયત પુરવાર થઇ.

મારું 'સમર હાઉસ' નાટક તો તમે જોયું જ છે. 'અંધાયુગ'માં ક્યાંય સ્ટેજ પ્રોપર્ટી જોઇ? સિમ્બોલિક કટ-આઉટસ પર જ હું રમત રમી હતી ને? મારા રૂપ-રંગ પર મને જે પાત્ર મળે છે એને હું નભાવી લઉં છું. એમાં હું ઓતપ્રોત થઇ જાઉં છું. બસ, પછી તો પ્રેક્ષકો જ આપણા વિવેચકો છે. એ વિવેચકોએ મને હથેળીમાં તાળીઓના આવાજમાં ઊંચકી લીધી એટલે નાનકડા નિમાર્તાઓ એની લો-બજેટ ફિલ્મમાં મને લેતા થઇ ગયા.

હવે હું છાપરાના ઘરમાંથી ફેલટમાં આવી ગઇ છું. આ ઘરની એક નાનકડી ખીલી પણ મારી કમાણીમાંથી આવી છે એનો મને ગર્વ છે. આર્થિક રીતે હું પગભર થઇ છું એનો ગર્વ સર્વ કોઇને હોઇ શકે. મને પણ છે, પરંતુ મને એક વાતનો ગર્વ એ છે કે હું પણ કંઇક કરી શકું છું! મારાં આ દેહને નજરમાં રાખી એક વખત હું જ વિચારતી હતી કે જિંદગીમાં હું શું કરી શકું? કશું જ નહીં બસ, કોઇ ગરીબ ખોરડાનો દીવો. એથી વિશેષ શું? જિંદગી એમ પસાર કરી નાખવાની પણ કંઇક કરી શકું એમ છું એવો હવે મને વિશ્વાસ છે'

સુષ્માએ એની કથની આટોપી લીધી.

સુષ્માના સુંદર શણગારાયેલા ઘરને અવલોકતાં મારા મનમાં કે પ્રશ્ન રમી રહ્યો અને મેં વ્યક્ત કરી જ દીધો.

'સુષ્માજી, તમે લગ્ન કેમ નથી કર્યાં?'

'કર્યાં છે ને!' એણે હસીને શો-કેસ પર પડેલી નટરાજની મૂર્તિ તરફ આંગળી ચીંધી 'કૃષ્ણને તો ઘણી ઘણી ગોપીઓ હતી, પણ આ વૈરાગી જોડે માત્ર પાર્વતીજીનું નામ જ સંકાળાયેલું છે. મારા નામના અર્થમાં તમને પાર્વતીની ઝાંખી નથી થતી? હું પણ વરી ચૂકી છું. મેં રંગભૂમિ સાથે લગ્ન કરી લીધાં છે. આ પણ એક સંસાર છે.'

ઝૂપડપટ્ટીની બાર બાય બારની ખોલીમાંથી આધુનિક ફલેટમાં પહોંચી ગયેલી એક તદ્દન સામાન્ય દેખાવની સ્ત્રીની આ કથાને અંતરથી વાંચવાની મજા કંઇ ઓર જ છે.

---

**- પાના નં-૩૨ પરથી**

મરી રહી છે. માતા-પિતાએ જિંદગી આપણી પાછળ ખર્ચી નાખી. એ જયારે વૃદ્ધ થાય ત્યારે બીમાર પડે, પડી-આખડી જાય તો સંતાનની ફરજ નથી તેમનું ધ્યાન રાખવાની? તેમને જીવનના છેલ્લા શ્વાસ સુધી સુખી-રાખવાની જવાબદારી સંતાનોની છે. તેમને તે તમામ સુખો આપો જે તેમણે પોતાના જીવનમાં આપણા માટે કુરબાન કરી દીધા છે.

માતા-પિતા અનુભવોના ભંડાર છે, કાર્ય કરતાં પહેલા તેમની સલાહ અવશ્ય લેવી જોઇએ. માતા-પિતાની દુઆ જેને મળે છે તેણે સમજી લેવું કે જિંદગી સફળ થઇ ગઇ. બાકી આખી દુનિયા જીતીને પણ હારી જશો. માતા-પિતાને દુભવીને આજ સુધી કોઇ પણ સુખી નથી થયું. માતા-પિતાનું દિલ જીતનારા આખી દુનિયા જીતી જાય છે. દરેક કાર્યમાં સફળતા તેના કદમ ચૂમે છે. આથી જ માતા-પિતાની સેવા કરવી, તેમની સાથે ઊંચા અવાજે વાત ન કરવી, તેમની આંતરડી કયારેય દુભવવી નહિં. કવિએ સાચું જ કહ્યું છે.

હયાત હોય ત્યારે હૈયું એનુ ઠારજો,

પાનખરમાં વસંત આવે, એવો વ્યવહાર રાખજો.

શ્રવણ બનીને ઘડપણની લાકડી તમે બનજો, હેતથી હાથ પકડીને તીર્થ સાથે ફરજો. માતૃદેવો ભવ - પિતૃદેવો ભવ સનાતન સત્ય છે. પછી રામનામ સત્ય છે બોલીને શું કરશો?. પૈસા ખર્ચતા સઘળું મળશે, મા-બાપ નહિં મળે, પછી ઊછીનો પ્રેમ લઇ આસુ સારી શું કરશો?



Scanned with OKEN Scanner

## ૪૪મી પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી



# સ્વ. ન્યાલચંદ કલ્યાણજી પારેખ

**હે પરમ કૃપાળુ પરમાત્મા, સદ્‌ગત આત્માને શાશ્વત સુખ અને પરમ શાંતિ અર્પે**
**એવી અમારા સહપરિવારની પ્રાર્થના....**

આપનો મિલનસાર સ્વભાવ,નિર્મળ હ્રદય, ધર્મપ્રેમ, વિવેક શક્તિ અને દરેક કુટુંબીજનોને તથા ગ્રામવાસીઓને ઉપયોગી થવાની સદ્‌ભાવના નિરંતર યાદ રહેશે. આપનું આદર્શમય જીવન અમોને હંમેશા પ્રેરણા આપતું રહેશે. પ્રેમ, સ્નેહ અને સંસ્કાર વડે આપે અમારા જીવનનું ઘડતર કર્યું એ આપના ઉપકાર કદી ભૂલી શકીશું નહિં, આપની અમી દ્રષ્ટી અમારા પર વરસતી રહે

**શ્રી પારેખ ન્યાલચંદ કલ્યાણજી પરિવાર**

**પુત્ર તથા પુત્રવધુ** : રમણીકલાલ - મંગળાબેન, પ્રાણલાલ - રમીલાબેન, અરવિંદભાઈ-મૃદુલાબેન, ધીરજલાલ - ઉષાબેન, ચંદ્રકાંત - હંસાબેન, જગદીશ - સોનલબેન

**દિકરી-જમાઈ** : સરોજબેન - રસીકલાલ

**પૌત્ર - પૌત્રવધુ** : નીલેશ - ભાવના, રાજેશ - જલ્પા, નીરવ - ખ્યાતિ, સચિન - રીના, પરાગ - શ્રધ્ધા, તેજસ - અલ્પા, જીમિત

**પૌત્રી-જમાઈ** : તરુણા-મુકેશકુમાર, નીલ્પા - નિકુંજકુમાર, હેતલ - દેવાંગકુમાર, વિશાખા - પલ્લવકુમાર, વૈશાલી - ચિરાગકુમાર, અલ્કા - ચિરાગકુમાર, સપના - વિરલકુમાર, ભાવના - પ્રશાંતકુમાર

**દોહિત્ર - દોહિત્રવધુ** : સંજય - પારૂલ, હેમાંશુ - એકતા

**દોહિત્રી - જમાઈ** : સંગીતા - કિરણકુમાર, વિલ્પા - હિતેશકુમાર

**પ્રપૌત્ર - પ્રપૌત્રી** : સંકેત, ધ્વનિ, જોલીન, રિધ્ધિ, હર્ષિલ, ભવ્ય, પ્રીત, વિહાન, વિરતી, વંદિત, જીનય

**૨૫, હંસ લક્ષ્મી સોસાયટી, બીજે માળે,**
**રામ રતન ત્રિવેદી રોડ, મુલુંડ (વેસ્ટ),**
**મુંબઈ - ૪૦૦૦ ૮૦**

Kayami - Aug.



# ભવિષ્યમાં બાળક સાથે રહેવું હોય તો, આજે બાળક સાથે રહો

- ડો. અશોક પટેલ (વાસણા-અમદાવાદ)

આપણે પરદેશના રંગે રંગાઇ જવાની મથામણ અને હરીફાઇ કરીએ છીએ. ઘણાં લોકો પરદેશ જઇને જોયું હશે કે અહીં બેસીને સાંભળ્યું હશે કે, ત્યાં દીકરો પુખ્તવયનો થાય એટલે મા-બાપથી જુદું રહેવાનું વલણ અપનાવે છે, ખૂબજ ઓછા કુટુંબ પરદેશમાં છે કે, જયાં દીકરો પુખ્તવયનો થયા પછી તેના મા-બાપ સાથે રહેતો હોય. અરે ઘણાં છોકરા-છોકરી એવાં છે કે, જે પોતાના મા કે બાપના લગ્નમાં હાજર હોય છે. એમાં પણ કયારેક તો એકથી વધુ વખત લગ્નમાં હાજર રહેતા હોય છે. આ વાતથી આપને કદાચ નવાઇ લાગશે, પણ આ વાત સત્યથી પૂરેપૂરી ભરેલી છે, જેમાં સહેજ પણ અતિશયોક્તિ પણ નથી. પરદેશમાં સાથે રહેતા પતિ-પત્નીને કોઇ કારણસર સાથે રહેવાનું અનુકૂળ ન લાગે તો તેઓ સરળતાથી નિ:સંકોચ પણે એકબીજાથી જુદા પડી જાય છે. જો કોઇ બાળક હોય તો તેને મળવા માટે અઠવાડિયાના નક્કી કરેલા દિવસે બંને સ્ત્રી-પુરુષ ભેગા પણ થાય છે. જેમાં તેમને કોઇ રંજ હોતો નથી. આમ બનવા પાછળના કારણો કદાચ અનેક હશે, પણ મુખ્ય કારણ છે કે, માનવીય અને નૈતિક મુલ્યોનું ધોવાણ. આપણો દેશ અને આપણે સૌ ટકી રહ્યા છીએ તે આપણા સૌમાં ભારોભાર ભરેલા માનવીય અને નૈતિક મૂલ્યોને કારણે. આપણે સૌ પડોશી ધર્મ સૌ પહેલાં નિભાવીએ છીએ, જયારે પરદેશમાં તો પડોશમાં કોણ રહે છે તેની દરકાર પણ કોઇ કરતું નથી. તેઓ સામાજિક કરતાં વ્યક્તિગત બાબતોને વધારે પ્રાધાન્ય આપે છે. પોતે કેવી રીતે ખુશ રહેવું તે જાણે છે અને તેવું કરે છે. જેની સાથે જેટલો સમય ફાવે તેટલો સમય દોસ્તી કરવાની, ન ફાવે તે દિવસથી છૂટા. આપણે ત્યાં તો પડોશી સાથે જો સંબંધોમાં સામાન્ય કડવાશ ઉભી થાય તો પણ રાત્રે ઊંઘ આવતી નથી.

આપણે બાળકોને નાનપણમાં સત્યવાદી હરીશચંદ્ર કે નચિકેત કે લવકુશ જેવી વાર્તાઓ સંભળાવીએ છીએ, જયારે પરદેશમાં આવા કોઇ પાત્રો થયા નથી, જેથી નાનપણમાં નૈતિકતાના પાઠ શીખવવા માટેનું વિષય વસ્તુ જ તેમની પાસે નથી. આજના કળિયુગમાં પણ હજારો લોકો આપણે ત્યાં એવાં છે કે જે દિવસમાં અનેક વાર ભગવાનના સોગંધ ખાય છે, અંતે તેની વાતને સાચી માનવામાં આવે છે. જે ભગવાન પરની શ્રદ્ધા સૂચવે છે. જેમાં આપણામાં રહેલા ધાર્મિકમૂલ્યો ડોકાઇ આવે છે. આપણે જે શાંતિથી, સુખરૂપે, પૂર્ણ સામાજિક બનીને જીવીએ છીએ તેનું કારણ આપણામાં પડેલા આપણા ભારતીય મૂલ્યોને કારણે. પણ દુઃખ સાથે અને પોતાને વાસ્તવવાદી તેમજ આધુનિક માનતા લોકોને ચેતવવા કહેવું પડશે કે, આજે દિનપ્રતિ દીન આપણા વારસા સમાન મૂલ્યો સંસ્કાર આપણે ભૂલતા જઇએ છીએ. ભૂલીએ છીએ એટલું જ નહીં, પણ આપણા બાળકોને પણ આપણે તે મૂલ્યો આપતા નથી કે તે મૂલ્યોથી આપણે બાળકોને દૂર જ રાખીએ છીએ. આજે વૃદ્ધાશ્રમની સંખ્યામાં થતો વધારો કે વિભક્ત કુટુંબની સંખ્યામાં થતો વધારો કે કુમળી વયે શરાબ કે સિગારેટનું કરવામાં આવતું સેવન કે બળાત્કારના વધતા કિસ્સાઓ વગેરે જેવી અનેક બાબતો આપણા ધોવાતા મૂલ્યોને પ્રદર્શિત કરે છે.

સમાજમાં ધોવાતા મુલ્યોના એક કરતાં વધુ કારણ હશે, પણ એક મુખ્ય કારણે એ છે કે, આજના મા-બાપ બંને પોતાના વ્યક્તિત્વમાં એટલા ખોવાઇ ગયા છે કે જેને કારણે તેમની ફરજ કે ભૂમિકાને તેઓ ભૂલી ગયા છે. ઉપરાંત દુનિયા નાની બની ગઇ છે, ટીવીના પડદે કેદ થઇ ગઇ છે ત્યારે પોતાનું ખોટું કે ખરાબ માનીને બીજામાંથી પ્રેરણા લેવાનું તત્ત્વ વધી ગયું છે, દરેક મા-બાપ જાણે કે લઘુતાથી પિડાતો હોય તેમ લાગે છે. જેથી અન્યનું અનુકરણ કરવામાંથી જ ઊંચો આવતો નથી. આ અનુકરણ પોતે તો અપનાવે છે, પણ સાથે પોતાના બાળક પર પણ ઠોકી બેસાડે છે. બેટા આમ ન કરાય, તેમ ન કરાય, પેલો છોકરો કેવું સરસ કરે છે, તું પણ એવું કર વગેરે વગેરે. અરે, ભાઈ આમ ન કરાય તે શીખવો છો તો સાથે એ પણ શીખવો કે શું કરાય. આ કરાય ન કરાયમાં જ આપણા મુલ્યોને આપણે જાણે કે ઇરાદાપૂર્વક ખોઇ રહ્યાં છીએ. હકીકતમાં દરેક મા-





Scanned with OKEN Scanner

બાપે વિચારવા જેવું છે કે, આપણે ભવિષ્યમાં વૃદ્ધાશ્રમમાં રહેવું છે કે બાળકો સાથે રહેવું છે. જો તમને એકલા જ રહેવું ગમતું હોય, પરદેશની જેમ બાળકોથી અલગ રહેવું ગમતું હોય તો અત્યારે આપણો સમાજ જે તરફ જઇ રહ્યો છે તેમાં ભળી જાવ. પણ જો તમે એમ ઇચ્છતા હોવ કે, મારે મારી વૃદ્ધાવસ્થા મારા બાળકો અને તેમના બાળકો સાથે જ ગાળવી છે. તો મહેરબાની કરીને આપને આપણા વિચારો અને વર્તનમાં પરિવર્તન કરવું પડશે. બાળકોમાં મૂલ્યો ખીલે અને ઉમેરાય તે માટે સતત જાગૃત રહેવું પડશે. તેને સામાજિક બનાવવાના તમામ પ્રયત્નો કરવા પડશે. જો તમે સામાજિક હશો તો જ તમારું બાળક સામાજિક બનશે. તમે અત્યારે સ્વતંત્રતા ઇચ્છતા હશો અને બાળકને અલગ રાખીને જીવતા હશો તો તે બાળક પણ મોટું થયાં પછી તમે સિંચેલા સંસ્કાર પ્રમાણે તે પણ અલગ રહેવાનું જ છે. પછી તમે બાળકનો દોષ ન કાઢશો. બાળકમાં જો કોઇ દોષ પેસવા ન દેવો હોય તો તમે પણ આજે નિષ્કલંકિત બનો. તમારું બોલેલું બાળક નહીં માને, પણ તમારું કરેલું અવશ્ય પણે અપનાવશે તેને ધ્યાનમાં રાખીને શું કરવું કે ન કરવું તે વિચારો. તમે એટલું વિચારો કે, તમે છેલ્લે તમારા બાળક સાથે કયારે બેઠા હતા, તેને ખુશ કરવા તમે તમારી જાતનો અને પ્રવૃત્તિનો કેટલો ભોગ આપ્યો? તમે તેને કેટલો સાંભળ્યો? વગેરે. જો આ નહીં કરેલું હોય તો તે બાળક જયારે મોટો થશે ત્યારે તે તમારું શા માટે સાંભળે, તમારી સાથે શા માટે બેસે? તમને ખુશ કરવા પોતાની જાત કે પ્રવૃત્તિનો શા માટે ભોગ આપે. શરૂઆત તમે કરેલી છે, તમારું જોઇને જ તે શીખ્યો છે. બાવળ વાવીને કેરીની અપેક્ષા રાખશો તો કયારેય સંતોષાવાની નથી. માટે આંબા વાવવાનું આજથી જ શરૂ કરી દઇએ, જેથી ભવિષ્યમાં કેરી ખાવા મળે.

---

## અવસાન નોંધ :

### શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મરણ

- બગસાર નિવાસી હાલ હૈદરાબાદ સ્વ. બાબુલાલ ઓતમચંદ વોરાના પુત્ર વિજયના પત્ની ચંદ્રીકાબેન તા.૧૭-૦૭-૨૦૨૫ ના અરિહંત શરણ પામેલ છે. તેઓ રાજવીર, ખ્યાતીના માતા, નિશા તથા જીગરના સાસુ, સ્વ.દિલીપભાઈ, વિમલ, રેખાબેન રમેશકુમાર, રેણુકાબેન ખુશાલદાસ, વર્ષાબેન રાજેશકુમાર ભાઈની પત્ની, પિયર પક્ષે ચીતલ વાળા ચંપકલાલ ધીરજલાલ ધ્રુવ ની દીકરી.
- જુનાગઢ નિવાસી હાલ સિકંદરાબાદ સ્વ.ભાનુમતિબેન તથા ઇશ્વરલાલ ધનજીભાઈ સંઘવીના પુત્ર હિતેન (ઉ.વ.૫૮) તે નિલેશ, જયશ્રી તથા હિનાબેનના ભાઈ, પૂર્ણિમાના જેઠ, સ્વ.નગીનદાસ ધનજીભાઈ સંઘવી બોરીવલીના ભત્રીજા શુક્રવાર તા.૨૫/૦૭/૨૦૨૫ ના રોજ સિકંદરાબાદ મુકામે અરિહંતશરણ પામેલ છે.
- બગસાર નિવાસી હાલ હૈદરાબાદ સ્વ. બાબુલાલ ઓતમચંદ વોરાના પુત્ર વિજયના પત્ની ચંદ્રીકાબેન તા.૧૭-૦૭-૨૦૨૫ ના અરિહંત શરણ પામેલ છે. તેઓ રાજવીર, ખ્યાતીના માતા, નિશા તથા જીગરના સાસુ, સ્વ.દિલીપભાઈ, વિમલ, રેખાબેન રમેશકુમાર, રેણુકાબેન ખુશાલદાસ, વર્ષાબેન રાજેશકુમાર ભાઈની પત્ની, પિયર પક્ષે સ્વ. ચંપકલાલ ધીરજલાલ ધ્રુવ ચીતલ વાળા ની દીકરી.
- પાટણવાવ નિવાસી હાલ મલાડ શ્રી કંચનબેન ધનજીભાઈ વસા (ઉ.વ.૮૭) તા. ૨૫-૦૭-૨૫ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે.
- પાટણવાવ નિવાસી હાલ-ગોંડલ સ્વ.પ્રતાપરાય ભાઈચંદ ભાઈ વસા ના સુપુત્ર નિતિનભાઈ (.વ.૬૩) તથા તે કીરણબેનના પતિ તથા રાજુભાઇ વસા (મસ્કત), દીલીપભાઇ વસા (રાજકોટ), કલ્પનાબેન વીનોદરાય મહેતા, મીનાક્ષીબેન કલ્પકભાઈ મહેતા, મનીષાબેન ગીરીશભાઈ શાહના ભાઈ, તથા તે ચૈતાલી અંકીતકુમાર બાટવીયા, જીનલ દર્શનકુમાર કાવઢીયા તથા પાર્થ ના પિતાશ્રી તથા તે સ્વ.ચીમનભાઈ પ્રભુદાસ ધોળકીયાના જમાઇનું તા.૨૫/૭/૨૫ ના રાજે અવસાન થયેલ છે. દીલીપભાઈ વસા (દીપુભાઇ): ૯૪૨૬૯ ૦૬૬૬૦, બીરેનભાઈ: ૯૯૦૯૩ ૦૯૪૧૦, દેવાંગભાઈ: ૯૪૨૯૪ ૩૧૪૬૫
- શારદાબેન જયસુખલાલ મહેતા (ઉ.વ.૯૦) તે ગામ મોટા ઉજળાવાળા, સ્વ.જયસુખલાલ રાયચંદ મહેતાના ધર્મપત્ની આજે સવારે ૦૮:૦૫ કલાકે અરિહંત શરણ પામ્યા છે. બીપીનભાઈ, પંકજભાઈ, રૂપાબેન તથા સોનાબેન (નિશાબેન) ના માતુશ્રી.
- ધોરાજી નિવાસી હાલ બોરીવલી નિવાસી, સ્વ.અમૃતલાલ વનેચંદ પટવા ના ધર્મપત્ની શ્રીમતી તારાબેન પટવા ઉ.વ.૮૮, તેઓ શ્રી રશ્મિન અમૃતલાલ પટવા તથા હિના (ડોલર) વિનોદકુમાર વોરા ના માતુશ્રી અને પલ્લવી રશ્મિન પટવા ના સાસુ તથા પિયર પક્ષે વંથલી નિવાસી કુરજી ગોવિંદજી વોરાના પુત્રી મંગળવાર તારીખ ૧૫-૦૭-૨૦૨૫ ના નવકાર મહામંત્રનું સ્મરમ કરતાં અરિહંત શરણ પામેલ છે.
- જેતપુર નિવાસી હાલ બોરીવલી સ્વ.જયંતીલાલ મંગલજી દોશી ના પુત્ર સ્વ.જયેન્દ્રભાઈ ના ધર્મપત્ની હર્ષાબેન ઉ.વ.૬૨ તેવો ભાવીક જયેન્દ્રભાઈ દોશીના માતુશ્રી તથા પિયર પક્ષે વર્ધા નિવાસી સુભદ્રાબેન શિવલાલભાઈ મગનલાલ માંડવિયા ના પુત્રી આજ રોજ શુક્રવાર તારીખ ૧૧.૦૭.૨૦૨૫ ના નવકાર મહામંત્રનું સ્મરણ કરતા અરિહંત શરણ પામેલ છે.



Scanned with OKEN Scanner

# Ankita Vakil

## Senior Content Writer





**Contact : 9892327082**
**Email : ankitavakil@gmail.com**
Bungalow #A-2, Railway Men's CHS., Sector-2, Vashi, Navi Mumbai.

Age : 29
Height : 4'8"
Birth Date : 03/06/1995
Birth Time : 4:40 am
Birth Place : Bhopal, MP
Qualification : SIES : BMM (Advertising)
NIEM PGDM-Event Management

**Family Background**

Father : Shri Paresh Ramendra Vakil
Prop. Trendy Kitchens
(Modular Furniture Manufacturer)

Mother : Smt. Smita Paresh Vakil
Homemaker

Elder Brohter : Rohan Paresh Vakil
Associate at JP Morgan Chase

Sister-in-law : Marisha Rohan Vakil
Manager at NSDL

Grand Father :
Late Shri Ramendra Madhavlal Vakil
Additional Secretary to
Government of India Ministry of Railway

Grand Mother :
Late Smt. Asha R. Vakil
Preksha Meditation Trainer

Native Place : Kapadvanj, Gujarat

**Looking for a like-minded partner who shares my preference for a child-free marriage.**
**If you value companionship, mutual respect, and a fulfilling life together, I'd love ot connect**



Scanned with OKEN Scanner

PUBLISHED ON 20TH OF EVERY MONTH • RNI - 22805 / 1973 • SORATH VISASHRIMALI (Guj. Monthly)
• POSTING UNDER THE REGISTRATION NO. MCS / 140 / 2024-2026 • POSTED AT MALAD WEST SO (ND)
MUMBAI - 400064. ON the 24TH & 25ST OF EVERY MONTH

# ઓગષ્ટમાસના મુખપત્રના સૌજન્ય દાતા



# શ્રીમતી વિમળાબેન કાંતિલાલ શાહ

શ્રીમતી વિમળાબહેનનનું નિખાલસ અને નિરાભિમાન વ્યક્તિત્વ, લાગણી પ્રધાન, શાત સૌમ્ય પ્રકઢતિ તેમ જ ધીરજ સહિષ્ણુતા હંમેશા રહેશે.

સમાજની સેવામાં તેમના પતિની કાંતિલાલભાઈને જીવનના દરેક પળે હંમેશા સાથ અને સહકાર આપ્યો છે. તેમનું સમગ્ર જીવન સમર્પણની ભાવનાથી વણાયેલું હતું. તેઓ મીત ભાષી હતા શાંત સ્વભાવ, કુટુંબ પરિવાર પ્રત્યે અસીમ સ્નેહની નિર્મળ ગંગા વહેવડાનાર સાચા અર્થમાં ગૃહિણી હતા. પરિવાર તરફથી જે કાંઈ સામાજિક અને ધાર્મિક કાર્યો અને અનુષ્ઠાનો થયાં તેમાં વિમળાબહેનની પ્રેરણા રહેલી હતી. તેમના પરિવારે તેમના હૃદયની ઈચ્છા અને ભાવનાને સાકાર કરવા માટે માનવતા દયા અને કરૂણાના અનેક કાર્યો કર્યાં હતા.

આદર્શ ગૃહિણી, પ્રેમાળ માતા અને પરિવારના મોભી તરીકે તેમણે સૌ પ્રત્યે પ્રેમ અને સ્નેહ વર્ષાવ્યો હતો. પરિવારની સફળતાનો યશ તેમને ફાળે જાય છે તેમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી.

તેમના પરિવારના સર્વે સભ્યો જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ સાધતા રહે તથા ઈશ્વર સર્વેને દીર્ઘાયુસભર જીવન બક્ષે તેવી પ્રાર્થના

શ્રીમતી વિમળાબહેન તેમના જીવનના અંત સુધી પરિવારની દાનની દરિયાદીલ ભાવનાને પોષતા રહ્યાં અને સહકાર આપતા રહ્યા હતાં. પ્રભુ તેમના આત્માને ચિર શાંતિ બક્ષે તેવી સમાજ તરફથી પ્રાર્થના

Printed & Published by Jayesh S. Vasa on Behalf of Shri Sorath Visashrimali Jain Samaj, Printed at Lucky Printers, First Floor, 40, Mehta Industrial Estate, Liberty Garden, Malad (West), Mumbai - 400 064 & Published from Shri Sorath Visashrimali Jain Samaj, Tarachand Dhanjibhai Mehta Karyalaya, Devkaran Mansion, Block No.7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Editor : RAJENDRA O. PUNATAR



Scanned with OKEN Scanner